

₹ ૨૦/-

## કૃતજ્ઞતાનો માર્ગ

# પ્રભુ અર્પણ

જૂન - ૨૦૨૨

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

સર્વ અગ્નિપરીક્ષાઓ માટે કૃતજ્ઞતાનો ભાવ રાખો,
અગ્નિપરીક્ષાઓ છે ઈશ્વર પરત્વેનો ટૂંકામાં ટૂંકો માર્ગ.

***

પાર્થિવ કક્ષાએ, ભૌતિક રીતે પૃથ્વી ઉપર કૃતજ્ઞતામાં જ
શુદ્ધમાં શુદ્ધ આનંદનો સ્રોત શોધી શકાય છે.

શ્રી માતાજી

(CWM 14 : 225, 15 : 192)

## ઈશ્વર પરત્વે કૃતજ્ઞતાની લાગણી

ઈશ્વર તરફથી ઊતરી આવેલી કૃપા માટે પ્રેમપૂર્વક કૃતજ્ઞતા દર્શાવવી.

ઈશ્વરે આપણે માટે જે કાંઈ કર્યું છે અને જે કાંઈ કરતા રહે છે તે બદલ નમ્રતાપૂર્વક કૃતજ્ઞતા દર્શાવવી.

ઈશ્વર પ્રત્યે ઉપકારની સ્વાભાવિક લાગણી હોવી જોઈએ, કે ઈશ્વર તમારે માટે જે કરી રહ્યા છે તેને લાયક બનવાના પ્રયત્નો કરવા માટે તમને પ્રેરે.

શ્રી માતાજી

(White Roses, ed, 1973, P.93)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જૂન – ૨૦૨૨ વર્ષ : ૦૮ અંક : ૬

# અનુક્રમ

## કૃતજ્ઞતાનો માર્ગ


| | |
|---|---|
| કૃતજ્ઞતા - વિરલ સદ્‌ગુણ | ૦૫ |
| તમારા જીવનને કૃતજ્ઞતાસભર કરી દો | ૧૩ |
| કૃતજ્ઞતાનો પંથ | ૧૯ |
| કૃતજ્ઞતાનો આનંદ | ૨૧ |
| કૃતજ્ઞતાપૂર્વક શ્રી અરવિન્દનું સ્મરણ કરવું | ૩૦ |
| નિષ્ઠાનું માપયંત્ર | ૩૨ |
| સાવિત્રી મહાકાવ્યની પસંદગીની પંક્તિઓ | ૩૩ |

* * *

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૪૯ |


*

### ૮ ફેબ્રુઆરી ૧૯૧૩

હે પ્રભુ, તું મારું આશ્રયસ્થાન છે અને આશીર્વાદ છે. તું મારી શક્તિ, મારું આરોગ્ય, મારી આશા, અને મારી હિંમત છે. તું છે પરમ શાંતિ, અમિશ્ર આનંદ, પૂર્ણ સ્વસ્થતા. મારું આખુંયે સ્વરૂપ એક અમેય કૃતજ્ઞ ભાવે અને એક અખંડ પૂજન રૂપે તારી સમક્ષ સાષ્ટાંગ પ્રણામ કરે છે; અને એ પૂજન મારા હૃદયમાંથી અને મનમાંથી તારા પ્રત્યે હિન્દની સુગંધીઓના વિશુદ્ધ ધૂપની પેઠે ઊંચે ચડી રહ્યું છે.

માનવોમાં મને તારો સંદેશવાહક બની રહેવા દે, કે જેથી જે કોઈ તૈયાર હોય તે સર્વે તું મને તારી અનંત દયાથી જે પરમ આનંદ બક્ષી રહ્યો છે તેનો આસ્વાદ કરે, અને પૃથ્વી ઉપર તારી શાંતિનું શાસન થાઓ.

**શ્રી માતાજી**

(શ્રી માતાજી ૬૪ પ્રાર્થનાઓ અને ધ્યાન પૃ : ૩૩)

# કૃતજ્ઞતા–વિરલ સદ્ગુણ

## સદ્ગુણો [1]

**(યુવાનો તથા વૃદ્ધો સર્વ માટેની વાત)**

કોઈક વખત એક બહુ સુંદર મહેલ હતો. એના ગર્ભાગારે એક છૂપું દેવાલય હતું, જેનો ઉંબર કોઈ વ્યક્તિએ કદી ઓળંગ્યો ન હતો. વિશેષમાં, એના સૌથી બહાર પડતા ઝરૂખા પણ મર્ત્ય મનુષ્યો માટે દુષ્પ્રાપ્ય હતા, કારણ કે એ મહેલ ઘણા ઊંચા વાદળ પર ઊભેલો હતો અને ભાગ્યે જ કોઈ, કોઈક પણ યુગમાં, એને પહોંચવાનો માર્ગ શોધી શકતું.

એ મહાલય હતો ''પરમ સત્ય''નો.

એક દિવસ ત્યાં ઉત્સવ મનાવવામાં આવ્યો, મનુષ્યો માટે નહીં, પણ તદ્દન જુદાં સત્ત્વો માટે. પૃથ્વી પર ''સદ્ગુણો''ના નામથી જેનો આદરસત્કાર કરવામાં આવે છે એવા નાનાં અને મોટાં દેવ-દેવીઓ માટે એ ઉત્સવ હતો.

એ મહાલયની ઓસરી જ મોટા ખંડ રૂપ હતી. એની ભીંતો, ફરસબંધી અને છત સ્વયં ખૂબ પ્રકાશિત હતાં અને વિવિધ પ્રકારના અસંખ્ય ભભૂકતા અગ્નિઓથી દેદીપ્યમાન હતાં.

એ 'બુદ્ધિ'નો ખંડ હતો. ફરસ પાસે અજવાળું આછું હતું. અને એ સુંદર ઘેરો નીલમમણિના જેવો આસમાની રંગ ધારણ કરતું હતું. પણ છત તરફ આગળ વધતાં ધીરે ધીરે એ વધુ સ્પષ્ટ બનતું જતું હતું. એની છતમાંથી હીરાઓનાં ઝૂમખે ઝૂમખાં ઝુમ્મરોની જેમ લટકતાં હતાં અને એમનાં અસંખ્ય પાસાંઓમાંથી આંખને આંજી નાંખતાં કિરણો ફૂટતાં હતાં.

સદ્ગુણો જુદા જુદા આવવા લાગ્યા પણ થોડી જ વારમાં એમણે સરખેસરખાં ટોળાં રચી દીધાં. છેવટે કાંઈ નહીં તો પોતે એકવાર ભેગા થઈ શકયા તેનો આનંદ તેમનામાં સમાતો ન હતો. કારણ કે આ જગતમાં, ને બીજાં જગતોમાં, સામાન્ય રીતે એ એટલા તો જુદા જુદા વેરવિખેર ને એટલા તો વિભિન્ન સત્યોની વચ્ચે પડેલાં હોય છે !

સત્યનિષ્ઠા આખા ઉત્સવનું પ્રમુખસથાન ભોગવતી હતી. એણે પારદર્શક, સ્વચ્છ પાણી જેવો નિર્મળ ઝભ્ભો પહેર્યો હતો અને એના હાથમાં શુદ્ધમાં શુદ્ધ સ્ફટિકનો ટુકડો હતો. એમાંથી વસ્તુઓ આબેહૂબ જેવી હોય તેવી જ દેખાતી હતી ન સામાન્ય રીતે જેવી જણાતી હોય છે તેના કરતાં તદ્દન જુદી, કારણ કે ત્યાં એમનું પ્રતિબિંબ કોઈપણ જાતની વિકૃતિ વિના યથાતથ પડતું હતું.

તેની પાસે બે વફાદાર ચોકિયાતોની જેમ ઊભેલા હતા – નમ્રતા અને હિંમત. નમ્રતા, આદરણીય ને સ્વાભિમાની દેખાઈ આવતી હતી, જ્યારે હિંમતની ભાંભરો ઊંચે ચઢેલી હતી, એની આંખો સ્પષ્ટ હતી અને એના હોઠ શાંત અને નિર્ણાયકતાનો ભાસ ઊભો કરતાં દૃઢ બિડાયેલા હતા ને મંદ મંદ સ્મિત કરતા હતા.

---

૧ શ્રી માતાજીએ ફ્રાન્સમાં ૨૬ વર્ષની ઉંમરે લખેલી વાર્તા.



# સદ્‌ગુણો

હિંમતની બાજુમાં જ, એના હાથમાં હાથ પરોવી એક નારી ઊભી હતી. એની ચકળવકળ થતી અન્વેષક આંખો સિવાય એનાં બધાં અંગો પર બુરખો હતો. એ હતી ડહાપણની દેવી, દૂરદર્શિતા.

એકથી બીજા પાસે આમતેમ ફરતાં અને છતાં એકબીજાના નિકટવર્તી દેખાતા એ સદ્‌ગુણોમાં એક હતી ''દાનપ્રવૃત્તિ'' યા ''ઉદારતા''. સક્રિય છતાં વિવેકયુક્તા જે દેખાતી હતી. કારણ કે એનામાં એક સાથે સજગતા હતી ને શાંતિ યે હતી. જે જે ટોળામાંથી તે પસાર થતી ત્યાં ત્યાં એ ખુલ્લો, સફેદ રંગનો તેજનો લિસોટો મૂકતી જતી હતી. જે પ્રકાશ એ પાથરે છે અને પોતાની પાસે આવનાર લોકોનાં દુઃખ હળવા કરે છે, તે પ્રકાશ એટલો તો સૂક્ષ્મ હોય છે કે મોટા ભાગનાની નજરે એ પડતો જ નથી, તે એટલે સુધી કે એની પરમમિત્ર, ટાળી ન ટળાય એવી, હંમેશાં સાથે રહેનારી સખી, જાણે કે એની જ જોડિયા બહેન - ન્યાયાભિમુખતા, પણ એને જોઈ શકતી નથી.

અને આ ઉદારતાની આસપાસ, ઘણા રક્ષકોનું ટોળું એને વીંટળાઈને રહેલું હતું, જેવાં કે ''ભલાઈ'', ''ધીરજ'', ''મૃદુતા'', ''એકલતા'' અને બીજા ઘણા.

એ બધા ત્યાં જ હોય છે, અથવા કાંઈ નહીં તો પોતે ત્યાં હોવાનું ધારી લે છે.

પણ પછી એકાએક, એ સુવર્ણના ઉંબર પર, કોઈક નૂતનાગંતુક દેખાય છે.

દ્વારપાળો, જે દરવાજાનું રક્ષણ કરવા માટે મૂકવામાં આવ્યા હોય છે તેમણે ઘણું ખચકાઈને એને દાખલ થવાની સંમતિ આપી છે. પહેલાં કદી પણ તેને તેમણે જોઈ ન હોતી, અને એના દેખાવમાં એવું કશું ન હતું જે તેમના પર છાપ પાડી શકે.

એ ઘણી યુવાન અને પાતળી હતી અને જે સફેદ પહેરવેશ તેણે પહેર્યો હતો તે ઘણો સાદો હતો. લગભગ ગરીબાઈની નિશાનીરૂપ હતો. તેણે શરમાઈને, ગૂંચવાઈને, થોડાં પગલાં આગળ ભર્યાં પણ પછી દેખીતી રીતે આટલી વિશાળ ને ચબરાક સોબતમાં પોતે આવી પડી હોવાથી એ સહેજ અટકી, કારણ કે, એને ખબર પણ ન હતી કે પોતે કોની તરફ જવું.

પોતાના સોબતીઓએ વિનંતી કરી એટલે તેમની સાથે તેણે સહેજ વાત કરી. 'ડહાપણની દેવી' આ અજ્ઞાત નારી તરફ ગઈ. લોકો સંકોચમાં હોય ને ખંખારે તેમ સહેજ ગળું ખંખારીને, વિચાર કરીને, તેની તરફ તે ગઈ અને કહેવા લાગી :

''અમે અહીં જે ભેગાં મળ્યાં છીએ તે બધાં તો નામથી ને ગુણોથી એકબીજાને ઓળખીએ છીએ; તમારા આગમનથી અમને બહુ આશ્ચર્ય થાય છે; કારણ કે અમને તો તમે સાવ અજાણ્યા લાગો છો — કાંઈ નહીં તો આ પહેલાં અમે કદી તમને જોયાં પણ નથી. તમે કોણ છો તે કહેવાની અમારા પર કૃપા કરશો ?''

પછી, પેલી નૂતન આગંતુક નારીએ નિસાસો નાંખી જવાબ વાળ્યો :

''અરે રે ! મને આશ્ચર્ય નથી થતું કે આ મહાલયમાં હું તમને અજાણી લાગું છું, કારણ કે મને બીજે ભાગ્યે જ આમંત્રણ મળે છે''

''મારું નામ છે 'કૃતજ્ઞતા' ''.

**શ્રી માતાજી**

(Collected Works of the Mother, Vol. 2, pp 5-6)



શ્રી માતાજી

## ગણત્રીવિહોણી નિઃસ્વાર્થ આત્મલક્ષી ક્રિયા

પશુઓનું મન અત્યંત પ્રાથમિક અવસ્થામાં હોય છે. માણસોને જેમ સતતપણે વિચારો સતાવે છે તેવું પશુઓની બાબતમાં બનતું નથી. ઉદાહરણ તરીકે, તમે એમના પ્રત્યે કોઈ માયાળુ વર્તાવ કરશો તો તેઓ તરત જ પોતાની આભારવશતાની લાગણી વ્યક્ત કરશે. જ્યારે સોએ ૮૮ માણસો દલીલો કરવા માંડશે અને પૂછશે કે સારા થવામાં શો લાભ મળશે. મનોમય પ્રવૃત્તિમાં આ એક અત્યંત મોટું દુઃખદાયક તત્ત્વ છે. પશુઓ એ બધાથી મુક્ત હોય છે અને જ્યારે પણ તેમના માટે કોઈ સારી વસ્તુ કરવામાં આવે છે ત્યારે તેઓ આપોઆપ આભારવશ બને છે. એમનામાં વિશ્વાસ હોય છે. એમનો પ્રેમ એ વિશ્વાસથી ભરેલો હોય છે અને પરિણામે એમનામાં તમારા માટે અત્યંત ઉત્કટ આસકિત અને તમારા સાંનિધ્યમાં રહેવાની અદમ્ય ઇચ્છા ઊભી થાય છે.

અને એક બીજી વસ્તુ : જો પશુનો માલિક સાચેસાચ એક સારી પ્રકૃતિનો મનુષ્ય હોય છે અને એ પશુ તેને વફાદાર હોય છે, તો એ બંને વચ્ચે ચૈતસિક અને પ્રાણમય શક્તિઓનું આદાન-પ્રદાન ઊભું થાય છે. પશુને માટે એ વસ્તુ અત્યંત અદ્‌ભુત અને ઉત્કટ આનંદ આપનારી હોય છે. જ્યારે તેઓને તમારી તદ્દન પાસે રહેવાનો પ્રેમ જાગે છે અને જ્યારે તમે તેમને હાથમાં લો છો ત્યારે તેઓ આંતરિક રીતનાં સ્પંદનો અનુભવે છે. તમે એમને જે શક્તિ — પ્રેમની, મૃદુભાવની, રક્ષણની અને બીજી બધી જે શક્તિઓ — આપો છો, તેમનો તેઓ અનુભવ કરી શકે છે અને એને લઈને એમનામાં તમારા પ્રત્યે ખૂબ જ આસક્તિ ઉત્પન્ન થાય છે. અને એને લઈને, તદ્દન સહજપણે, કેટલાંક ઉચ્ચ જાતનાં પ્રાણીઓ, જેવાં કે કૂતરો, હાથી અને ઘોડામાં પણ એક પ્રકારની આશ્ચર્યકારક અને સ્વાભાવિક રીતની ભક્તિભાવની લાગણી ઉત્પન્ન થવાની જરૂરિયાત સર્જાય છે. એ લાગણીનું તત્ત્વ અત્યંત નિર્મળ અને ખૂબ સુંદર વસ્તુ હોય છે. (અને એ બધાનો પ્રતિકાર મનની સર્વ રીતની દલીલો અને તર્કો વડે થઈ શકે તેમ નથી હોતું).

મનુષ્યના મને જ્યારે મનુષ્યમાં પ્રથમ આવિર્ભાવ કર્યો, ત્યારે એણે એની પ્રાથમિક સ્વરૂપની ક્રિયાને લઈને, એ અગાઉ જે અતિઘણી સુંદર વસ્તુઓ હતી તેને બગાડી મૂકી છે.

કુદરતી રીતે, જો મનુષ્ય પોતે ઉચ્ચતર કક્ષામાં આરોહણ કરીને પોતાની બુદ્ધિનો સદુપયોગ કરે તો એને લઈને વસ્તુઓની ગુણવત્તામાં ઘણો વધારો થાય. પરંતુ વચગાળાની એક એવી અવસ્થા છે જેમાં મનુષ્ય પોતાની બુદ્ધિનો ઉપયોગ તદ્દન હલકટ અને કુત્સિત રીતનો કરે છે; બુદ્ધિનો ઉપયોગ એ ગણતરીઓ માંડવા માટે, બીજા ઉપર આધિપત્ય જમાવવા અને છેતરવા માટે કરે છે અને ત્યારે પછી એ વસ્તુ ખૂબ વિરૂપતાભરી લાગે છે. હું મારી જિંદગીમાં એવાં અનેક પ્રાણીઓને મળી છું જેમને હું મનુષ્યોની એક મોટી સંખ્યા કરતાં ઊંચી કક્ષાનાં ગણું છું, કારણ કે એમનામાં પેલી ઘૃણાપાત્ર ગણતરીબાજી, છેતરપિંડી અને નફાખોરી કરવાની વૃત્તિ નથી હોતી. એવાં કેટલાંક પ્રાણીઓ પણ છે જેઓ મનુષ્યો પાસેથી આવી વૃત્તિઓ અપનાવે છે — મનુષ્યો સાથે સંસર્ગમાં આવવાને કારણે તેઓને આવી વૃત્તિઓનો ચેપ લાગે છે — પરંતુ એવાં પ્રાણીઓ પણ છે જેઓ આવી વૃત્તિઓ અપનાવતાં નથી.

કોઈ પણ પ્રકારની ગણતરીવિહોણી નિઃસ્વાર્થી મનોવૃત્તિ એ આ જગતમાં ચૈતસિક ચેતનાનું એક અત્યંત સુંદર રૂપ છે. પરંતુ જેમ જેમ મનુષ્યમાં મનોમય ક્રિયાશીલતા વધતી જાય છે તેમ તેમ એવી વૃત્તિ નહિવત્ બનતી જાય છે. કારણ કે બુદ્ધિના આગમન સાથે બધી રીતની કારીગીરી, ચાલાકી, ભ્રષ્ટાચાર અને ગણતરીબાજી પણ આવે છે. ઉદાહરણ તરીકે, જ્યારે કોઈ ગુલાબ ખીલી ઊઠે છે ત્યારે તે પોતાની મેળે એમ કરે છે, કેવળ સુંદર બનવાના આનંદને ખાતર, મધુર સુગંધના આનંદને ખાતર, જીવનના આનંદ વ્યક્ત કરવાને ખાતર. એ કોઈ ગણતરી માંડતું નથી, એને કોઈ નફો પડાવી લેવો હોતો નથી; એ તો પોતે પુષ્પરૂપે બની રહેવા અને જીવવાના સ્વયંભૂ આનંદને ખાતર એમ કરે છે. બીજી તરફ કોઈ મનુષ્યનો દાખલો લો. ત્યારે એમાં તો (બહુ થોડા અપવાદોને બાદ કરતાં) જે ક્ષણથી એનું મગજ સક્રિય બને છે ત્યારથી જ એ પોતાના સૌંદર્યમાંથી, પોતાના કલાકૌશલ્યમાંથી નફો ઉપજાવવા પ્રયત્ન કરે છે; એ વસ્તુ એને કશુંક મેળવી આપે, લોકોનો આદરભાવ પ્રાપ્ત કરાવે, અને એથી પણ વધુ ઘૃણાપાત્ર ગણતરીઓ એની અંદર હોય છે. એટલે, ચૈતસિક દૃષ્ટિએ જોતાં, મનુષ્યો કરતાં એક ગુલાબનું ફૂલ વધુ ઊંચી કક્ષાનું હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃ ૩૫૫-૩૫૬)

**કરુણા અને કૃતજ્ઞતા**

'કરુણા' અને 'કૃતજ્ઞતા' તત્ત્વાર્થે આધ્યાત્મિક સદ્‌ગુણો છે. જ્યારે 'આત્મા' યા 'ચૈત્યપુરુષ' સક્રિય જીવનમાં ભાગ લેવા માંડે છે ત્યારે જ ચેતનામાં આ ગુણો પ્રગટે છે.

પ્રાણ અને શરીર તો એને નબળાઈ તરીકે અનુભવે છે, કારણ કે બળની શક્તિ પર સ્થપાયેલી તેમની લાગણીઓની મુક્ત અભિવ્યક્તિને એ દાબી દે છે.

હંમેશની માફક મન જ્યારે પૂરું કેળવાયેલું હોતું નથી ત્યારે પ્રાણમય પુરુષનું સાથી અને શારીરિક પ્રકૃતિનું ગુલામ બની જાય છે, તેનાં અનુલંઘનીય કાયદા, પોતાના અર્ધાપર્ધા જાગ્રત યંત્રમાં, એ પૂરૂં સમજી શકતું નથી. જ્યારે એ જ મન, પ્રથમ આધ્યાત્મિક પ્રવૃત્તિ વિશે જાગ્રત થાય છે ત્યારે પોતાના અજ્ઞાનમાં એ આ 'કરુણા' અને 'કૃતજ્ઞતા'ના સદ્‌ગુણોને વિકૃત કરી નાંખે છે. 'કરુણા'ને એ દયામાં ને બહુ થાય તો 'પરોપકારવૃત્તિ'માં પલટી નાંખે છે અને 'કૃતજ્ઞતા'ને, તેની ધીરે ધીરે પારખવાની અને પ્રશંસા કરવા વૃત્તિને, તે બદલાની ઇચ્છામાં પલટી નાંખે છે.

જ્યારે આધ્યાત્મિક ચેતના જ આધારમાં સર્વશક્તિમાન બને છે ત્યારે જેમને જેમને સહાયની, જે જે પ્રદેશમાં જરૂર હોય છે ત્યાં ત્યાં તે 'પ્રભુ'ની 'હાજરી' અને 'કરુણા' રૂપે ઊતરી આવે છે અને જે જે રૂપે, જે જે કાંઈ આવિર્ભાવ પામી રહ્યું હોય તે માટે 'કૃતજ્ઞતા'ની લાગણી અનુભવાય છે. તેવે વખતે 'ભગવાન'ની 'હાજરી' તથા 'કરુણા' તેના પૂર્ણ રૂપે પ્રગટ થાય છે અને લઘુતાગ્રન્થિના કશા યે ભાવથી દુષિત થયા વિના, 'કૃતજ્ઞતા' અનુભવાય છે.

**શ્રી માતાજી**

(Bulletin August, 1952, P. 89)

## કૃતજ્ઞતા એના શુદ્ધ સ્વરૂપે પ્રેમ જેવાં આંદોલનો પ્રકટાવે છે

મારા બાળપણની શરૂઆતથી (હું જ્યારે પાંચ વર્ષની હતી, મને તે સમયથી સ્મૃતિ છે) અને એંસીથી વધુ વર્ષો સુધી હું હંમેશાં એવા લોકોથી ઘેરાયેલી રહી છું, જેઓ ભરપૂર પ્રમાણમાં મારી સમક્ષ બળવો, અસંતોષ વધુને વધુ પ્રકટ કરતાં રહ્યાં છે. (અમુક કેસ તો ખૂબ જ ઉગ્ર પ્રકારના રહ્યા છે. અને હજુ એવા જ છે.) અને એમાંના અમુક તો પૂરેપૂરી કૃતઘ્નતા દર્શાવતા રહ્યા છે – મારા પરત્વે નહિ; એની તો કોઈ વાત જ નથી, – ઈશ્વર પ્રતિ નિમકહરામી દર્શાવી રહ્યા છે. કૃતઘ્નતા... એ એક એવી વસ્તુ છે, જે મને હંમેશાં ખૂબ, ખૂબ દુઃખદાયી લાગી છે – એ હોવી જ ન જોઈએ. મારા જીવનમાં જે વસ્તુઓ મને એકદમ અસહ્ય લાગી છે એમાંની એક આ કૃતઘ્નતા છે. – ઈશ્વર પરત્વેની દુર્ભાવના સહિતની કડવાશ... એ એક પ્રકારની કડવાશ જ છે. અમુક સમયે એ વ્યક્તિગત સ્વરૂપ ધારણ કરે છે, જે સંઘર્ષને વધુ મુશ્કેલ બનાવી દે છે... માનવની અજ્ઞાન ચેતના એને વ્યક્તિગત સ્વરૂપ આપે છે, પણ એ વ્યક્તિગત નથી. એ સર્વ પાર્થિવ, દુન્યવી વલણો હોય છે. અને એ આવ્યું મનના આગમન સાથે. પ્રાણીઓમાં આ વસ્તુ નથી, અને એટલા માટે જ પ્રાણીઓમાં હું મધુરતાનો અનુભવ કરું છું; ભયંકર હિંસક પ્રાણીઓમાં પણ એ મધુરતા હું અનુભવું છું – જે માણસમાં હોતી નથી.

(લાંબું મૌન)

અને છતાં, સર્વ ક્રિયાઓમાંની એક ક્રિયા જે ખૂબ જ આનંદ અર્પે છે – શુદ્ધ આનંદ, અમિશ્ર આનંદ, જે અહંકારથી દૂષિત ન હોય – એ છે કૃતજ્ઞતાની સહજ લાગણી.

એ છે કંઈક ખૂબ જ વિશિષ્ટ. એ પ્રેમ નથી, એ નથી આત્માર્પણ... એ છે ખૂબ સંપૂર્ણ આનંદ, ખૂબ જ સંપૂર્ણ.

એ છે એકદમ વિશિષ્ટ આંદોલન, એ છે અનન્ય. એ એવું કંઈ છે, જે તમને વિશાળ કરે છે, તમને સભર ભરી દે છે – એ એટલું તો તીવ્ર હોય છે !

માનવ ચેતના જે જે ક્રિયાઓ કરી શકે છે એમાંની આ એક એવી ક્રિયા છે જે તમને તમારા અહંકારમાંથી સૌથી વધુ બહાર લઈ આવે છે. અને એ જ્યારે હેતુવિહીન કૃતજ્ઞતાની લાગણી હોય છે, એ આંદોલન, તો પછી મોટા મોટા અંતરાયો પળમાં દૂર થઈ જાય છે. (શ્રી માતાજી લાંબા સમય સુધી કૃતજ્ઞતાના એ આંદોલનનું મનન કરતાં રહે છે.) તમે એ આંદોલનમાં, એની શુદ્ધતામાં જ્યારે પ્રવેશો છો ત્યારે તમને તુર્ત જ એ સાક્ષાત્કાર થઈ જાય છે કે એ આંદોલન તે પ્રેમના આંદોલન જેવું જ છે. એ અમુક જ દિશામાં જતું હોતું નથી, એક વસ્તુથી બીજી વસ્તુ તરફ પણ નહિ, અહીંથી ત્યહીં (નીચેથી ઉપરની નિશાની) પણ નહિ. એ છે... (ગોળાકારની નિશાની) એ સમકાલીન અને સંપૂર્ણ હોય છે.

હું એ કહેવા માગું છું કે એ એવું કંઈ નથી, જેને હસ્તીમાં રહેવા માટે બે ધ્રુવોની જરૂર

પડે, એ એક ધ્રુવથી બીજા ધ્રુવ તરફ, કે બીજાથી પહેલા ધ્રુવ તરફ જતું નથી. કૃતજ્ઞતાનું આંદોલન એની શુદ્ધતામાં પ્રેમના આંદોલન જેવું જ હોય છે. પોતાના સ્વરૂપના આનંદને ખાતર એ આંદોલન પોતાની અંદર જ અસ્તિત્વ ધરાવે છે (અને હું જે કહી રહી છું એ તેને બગાડી મૂકે છે) — પ્રેમની માફક.

માણસો પુનરુક્તિપૂર્વક, સૂગ ચડે એ રીતે જણાવતા રહે છે કે આ બે ધ્રુવો સિવાય કશું અસ્તિત્વમાં હોતું નથી, આ બે ધ્રુવો જ આ અસ્તિત્વનું કારણ છે અને સર્વ કંઈ આ બે ધ્રુવોની આસપાસ ફરતું રહે છે. (શ્રી માતાજી પોતાનું મસ્તક હલાવે છે.) પરંતુ પરિસ્થિતિ એ રીતની નથી. આનો અર્થ એટલો જ કે માનવ એની સામાન્ય ચેતનામાં એની આ માન્યતાથી પર રહેલી વસ્તુઓને સમજી શકતો નથી. પરિસ્થિતિ આમ છે. આપણે જાણીએ છીએ એવું આપણને લાગે છે; પરંતુ તત્ત્વતઃ (શ્રી માતાજી ફરીથી પોતાનું મસ્તક હલાવે છે) પ્રેમ આ રીતનો નથી.

આખરે કૃતજ્ઞતા એ પ્રેમના તાત્ત્વિક આંદોલનની ખૂબ ઝાંખી એવી રંગીન છાય માત્ર છે.

(ધ્યાન)

(Conversation with a disciple, December 21, 1963)

***

**અમારાં હૃદયોને હે પ્રભુ ! તારા પ્રેમના આનંદથી ભરી દે.**

**તારા પ્રકાશની આભા વડે અમારાં મનો રેલમછેલ કરી દે.**

**એવું વરદાન આપ કે અમે તારા વિજયને પાર પાડીએ.**

(CWM 1 : 178) **શ્રી માતાજી**

# તમારા જીવનને કૃતજ્ઞતાસભર કરી દો

## તમારા દિવસની શરૂઆત કૃતજ્ઞતાના ભાવથી કરો

પ્રત્યેક પ્રભાતે તમે જ્યારે જાગો ત્યારે દિવસની શરૂઆત કરતાં પહેલાં માનવજાતિના ઉદ્ધારકોની, તથા તેમના આ મહાન કુટુંબની પ્રેમ, પ્રશંસા અને કૃતજ્ઞતાપૂર્વક જય બોલાવો... આ રીતે તમે જ્યારે જાગો ત્યારે પૂરા વિશ્વાસથી, કૃતજ્ઞતાપૂર્વક તમારા વિચારો આ ઉદ્ધારકો પર એકાગ્ર કરો અને તુર્ત જ તમે આ એકાગ્રતાની લાભકારી અસરોને અનુભવી શકશો. તમને અનુભવ થશે કે એમની સંનિધિ તમારા પુકારને પ્રત્યુત્તર આપી રહી છે. એમનો પ્રકાશ અને પ્રેમ તમારી આસપાસ ફેલાયેલો અને તમને ભીંજવી રહેલો તમે અનુભવી શકશો. આમ થતાં પછી વધુ સારી રીતે સમજવાનો, થોડો વધુ પ્રેમ કરવાનો, વધુ સેવા કરવાનો રોજનો તમારો પ્રયત્ન વધુ ફળદાયી બની રહેશે અને સહજ બની રહેશે. બીજાઓને તમે જે મદદ કરો તે વધુ અસરકર્તા બની રહેશે અને તમારું હૃદય અચલાયમાન હર્ષથી સભર બની રહેશે.(CWM 2 : 115-116)

## ઈશ્વરકૃપા અને પ્રેમ પરત્વે કૃતજ્ઞતા દર્શાવો

જો આપણે મનુષ્યનું જીવન, તેનું કર્મ અને તેનું હૃદય, — જેવાં છે તેવાં જોઈને વિચારીએ, તો, જે દિવ્ય કૃપા જગત પર અનહદ પ્રેમ વરસાવી રહી છે, તેના બદલામાં જે વેર, તિરસ્કાર અથવા તો સૌથી વધુ ઉદાસીનતા અર્પવામાં આવે છે, તે જોઈને આપણને આશ્ચર્ય પામ્યા વિના છૂટકો નથી થતો. દિવ્ય આનંદ પ્રત્યે આપણને દોરી જવા પ્રત્યેક પળે જે અનહદ પ્રેમ વરતી રહ્યો છે, પણ માનવહૃદયમાં તેનો એટલો ઓછો પડઘો પડે છે કે તે જોતાં આશ્ચર્ય થાય છે. પરંતુ લોકોને દુષ્ટો પ્રત્યે, ખામીવાળા પ્રત્યે, વિરૂપ પ્રત્યે, પરાજય પામેલાઓ પ્રત્યે, નિષ્ફળ ગયેલાઓ પ્રત્યે જ માત્ર હમદર્દી હોય છે, — ખરું જુઓ તો એથી દુષ્ટતાને અને નિષ્ફળતાને ઉત્તેજન મળે છે.

જો આપણે આ પ્રશ્નના આ પાસા પર કંઈક વધુ વિચારીશું તો આપણને વેરના બદલામાં પ્રેમ આપવાની આવશ્યકતા પર આગ્રહ રાખવાની ઓછી જરૂરિયાત જણાશે; કારણ કે, જો માનવહૃદય તેના પર વરસી રહેલા પ્રેમનો સંપૂર્ણ સચ્ચાઈથી સાહજિક રીતે ઉદ્ભવતા પ્રેમની સમજપૂર્વકની અને કદરદાની ભરેલી કૃતજ્ઞતાપૂર્વક પ્રત્યુત્તર વાળે, તો જગતમાં ઝડપી પરિવર્તન થાય. (શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃ ૨૦૧)

## જ્યારે સર્વ કંઈ સારું હોય ત્યારે કૃતજ્ઞી બની રહો

...જ્યાં સુધી કોઈ ભય આવી ન પડે, એટલે કે અકસ્માત બનવાની શરૂઆત ન થઈ હોય અથવા અકસ્માત બન્યો હોય પણ તેઓ એમાંથી બચી ન ગયા હોય ત્યાં સુધી લોકોને પ્રભુકૃપાના કાર્યનો ખ્યાલ આવતો નથી. એવું બને છે ત્યારે જ તેઓને ભાન થાય છે. પરંતુ

એમને જ્યારે, ઉ.ત. કોઈ મુસાફરી કે એવી ગમે તે કોઈ વસ્તુ, કોઈ પણ જાતના અકસ્માત વિના પૂરી થાય ત્યારે એમને ભાન નથી થતું કે એ તો એક ઘણી ઘણી ઉચ્ચ પ્રભુકૃપા હોય છે. એટલે કે, એટલા બધા સુસંવાદની સ્થાપના થઈ હોય છે કે કશું કાંઈ અનિષ્ટ બને જ નહિ. પરંતુ એમને એ વસ્તુ તદ્દન સ્વાભાવિક લાગે છે. જ્યારે લોકો માંદા પડે છે પણ જલદીથી સાજા થઈ જાય છે ત્યારે તેઓ આભાર માનવાનો વિચાર સેવે છે; પરંતુ જ્યારે તેઓ સાજાસમા હોય છે ત્યારે તેમનામાં કૃતજ્ઞ રહેવાનો ભાવ જાગતો નથી – જો કે એ એક ઘણો મોટો ચમત્કાર હોય છે ! સામૂહિક અકસ્માતોમાં જે રસ પડે તેવી બાબત હોય છે તે એ કે પ્રમાણ કઈ રીતનું છે, સંતુલન યા અસમતુલા કેટલા પ્રમાણમાં છે. લોકોનાં જુદાં જુદાં વાતાવરણોમાંથી કયા પ્રકારનું સંયોજન રચાયેલું હોય છે !

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃ ૫૩૯-૪૦)

## કૃપાના સ્વીકારની શ્રેષ્ઠ રીત છે : કૃતજ્ઞતા દર્શાવવી

પ્રભુકૃપાનો કૃતજ્ઞતાથી સ્વીકાર કરવા માટે કઈ રીત છે ?

આહ ! પ્રથમ તો તમારે તેની જરૂરિયાત અનુભવવી જોઈએ.

આ સૌથી અગત્યનો મુદ્દો છે. તેમાં તમારામાં એક પ્રકારની આંતરિક નમ્રતા હોવી જોઈએ, જે તમને તમારી નિર્બળતા વિશે સભાન બનાવે કે, ખરેખર પ્રભુકૃપા વગર, તેના વગર તમે અપૂર્ણ અને શક્તિવિહીન છો. પ્રથમ આ વસ્તુથી શરૂઆત કરવી જોઈએ.

આ એક અનુભવ છે જે દરેકને સારી રીતે થઈ શકે છે. જ્યારે તમે જુઓ કે એવા માણસો જે કાંઈ પણ જાણતા નથી અને કોઈ ખૂબ મુશ્કેલ પરિસ્થિતિઓમાં અથવા પ્રશ્નોમાં પડેલા હોય છે જેનો ઉકેલ લાવવો જોઈએ. મેં તમને હમણાં જ કહ્યું તે પ્રમાણે એક આવેગમાં પડેલા હોય છે, જેના ઉપર વિજય મેળવવાનો હોય છે અથવા કોઈક એવી વસ્તુ જેણે તેમને અસ્તવ્યસ્ત કર્યાં હોય છે... અને પછીથી તેઓ એમ અનુભવે છે કે તેઓ ખુવાર થઈ ગયેલા છે, તેઓ જાણતા નથી કે શું કરવું-તેમનું મન કે તેમની ઈચ્છાશક્તિ કે તેમની લાગણીઓ કોઈ પણ તેમને સહાય કરતાં નથી – અને તેઓ જાણતાં નથી કે શું કરવું, તે વખતે તે બની આવે છે; તેમની અંદર કાંઈક છે, એક પ્રકારનો પુકાર, કોઈક વસ્તુ, પ્રભુનું આહ્વાન, જે વસ્તુ પોતે કરી શકે તેમ નથી, તે પેલી વસ્તુ કરી શકે છે. પોતે ન કરી શકે માટે જ એ અભીપ્સા કરે છે. માણસ પોતે જે વસ્તુ કરવા શક્તિમાન નથી તેને માટે જે શક્તિમાન છે તેના પ્રત્યે એ અભીપ્સા કરે છે.

આ પ્રથમ શરત છે. અને પછીથી જો તમે સભાન બનો કે તે ફક્ત ઈશ્વરકૃપા જ કરી શકે, જે સ્થિતિમાં તમારી જાત મુકાયેલી છે, તેમાંથી ફક્ત પ્રભુકૃપા જ બહાર લાવી શકે તેમ છે, તમને ઉકેલ આપી શકે તેમ છે, અને તમને બહાર નીકળવા માટેનું બળ આપી શકે તેમ છે તો પછી સ્વાભાવિક રીતે જ તમારી અંદર એક તીવ્ર અભીપ્સા જાગ્રત થાય છે. એક ચેતના જેને લઈને તમારી અંદર ખુલ્લાપણું થાય છે. જો તમે પુકાર કરો, અભીપ્સા કરો, અને જો તમને પ્રત્યુત્તર મળવાની આશા હોય, તો ખરેખર સ્વાભાવિક રીતે જ તમે

તમારી જાતને પ્રભુકૃપા પ્રત્યે ખુલ્લી કરશો.

અને પછીથી – તમારે આ વસ્તુ પ્રત્યે ખૂબ ધ્યાન આપવું પડશે. (માતાજી પોતાના હોઠ પર આંગળી મૂકે છે) – પ્રભુકૃપા તમને ઉત્તર આપશે, દિવ્યકૃપા તમને તકલીફમાંથી બહાર ખેંચી કાઢશે. તે કૃપા તમારા પ્રશ્નનો ઉકેલ આપશે. અથવા તમને તમારી મુશ્કેલીઓમાંથી બહાર કાઢવા માટે સહાયરૂપ નીવડશે. પરંતુ એક વખત તમે મુશ્કેલીઓમાંથી મુક્ત બનો, અને તમારી મુશ્કેલીઓમાંથી બહાર નીકળી જાવ, તો ભૂલશો નહીં કે પ્રભુકૃપાએ તમને તેમાંથી બહાર ઉપાડી લીધા છે, અને એવો વિચાર ન કરશો કે તમે પોતે તેમ કરી શક્યા છો, કારણ કે આ ખરેખર સૌથી અગત્યનો મુદ્દો છે. મોટાભાગના લોકો જેવી મુશ્કેલી ચાલી જાય છે કે તરત જ કહે છે, ''છેવટે મારી જાતને મુશ્કેલીમાંથી બહુ સારી રીતે બહાર ખેંચી લીધી.''

તો તમે તે સ્થિતિમાં છો અને પછીથી તમે સાંકળ મારીને તાળું મારો છો, અને તમે હવે પછી કાંઈ પણ ગ્રહણ કરી શકશો નહીં. તમારે ફરીથી કોઈક તીવ્ર વેદનાની ભયંકર ઉપાધિની જરૂર છે જેથી આવી મૂખર્તા ચાલી જાય અને તમને ભાન આવે કે તમે પોતે કાંઈ જ નથી. કારણ કે, જ્યારે તમને એવું ભાન આવવાની શરૂઆત થાય કે તમે પોતે શક્તિવિહીન છો ત્યારે જ તમે થોડા ખુલ્લા અને નમનીય બનવાની શરૂઆત કરો છો. પરંતુ જ્યાં સુધી તમે એમ વિચારો છો કે તમે જે કાંઈ કરો છો તે તમારી પોતાની કુશળતા ઉપર આધાર રાખે છે. તમારી પોતાની શક્તિ ઉપર, તો ખરેખર તમે બારણું બંધ કરો છો, એટલું જ નહીં, પરંતુ તમે સમજો કે તમે ઘણાં બારણાંઓને એકબીજા ઉપર બંધ કરીને તે બધાં ઉપર સાંકળ લગાવો છો. તમે તમારી જાતને એક કિલ્લામાં કેદ કરો છો, અને ત્યાં કોઈ પણ વસ્તુ પ્રવેશ કરી શકશે નહીં, આ એક મોટી ખામી છે, માણસ બહુ ઝડપથી ભૂલી જાય છે. બિલકુલ કુદરતી રીતે જ વ્યક્તિ પોતાની શક્તિથી જ સંતોષ અનુભવે છે.

## સામાન્ય દુર્ઘટનાઓ અને મહાકાલીનો ફટકો

મહાકાલીનો ફટકો કેવો હોય છે ?

તે તમને ઘણા સુખનો અનુભવ આપે છે, તે તમને હૃદયમાં એક મધુર હૂંફ આપે છે. તે પ્રમાણે તમને ખૂબ સંતોષ થાય છે.

માણસે તેની અભીપ્સા કરવી પડે છે કે તે કુદરતી રીતે જ આવે છે ?

હા, માણસમાં તેના માટે અભીપ્સાની એક સચ્ચાઈ હોવી જોઈએ, જો તમારે પ્રગતિ કરવી હોય તો માણસે ખરેખર કહેવું જોઈએ, ''હા, મારે પ્રગતિ કરવી છે.'' સચ્ચાઈથી... ''ગમે તે બને, મારે પ્રગતિ કરવી છે.'' પછીથી તે આવે છે.

પરંતુ મેં કહ્યું તેમ, તે એક સમૃદ્ધિની શક્તિ લઈને આવે છે, જે એક તીવ્ર આનંદને ધારણ કરે છે. જ્યારે કોઈએ પોતાની અંદરની કોઈ વસ્તુને બંધ કરવા માટે નિશ્ચય કર્યો હોય, એક વખત કરેલી મૂર્ખાઈને ફરીથી ન કરવાનો, અથવા તો કોઈક વસ્તુ જે કરવાની

તેને અશક્ય અથવા મુશ્કેલ લાગે, પણ પોતે જાણે છે કે તે કરવી જોઈએ, અને જ્યારે તેણે નિર્ણય લીધેલો હોય અને પોતાની સંકલ્પશક્તિની પૂર્ણ સચ્ચાઈ તેમાં મૂકેલી હોય, વારુ, તો પછી જો એક ભયંકર ફટકો તમને ફરજ પાડવા માટે આવે છે કે તમે જે કરવાનો નિર્ણય લીધો હોય તે કરો, અને એ ફટકો છે, છતાં તમે એમાં તમારી જાત માટે ભવ્યતા અનુભવો. અને તમે ખૂબ સુખની લાગણી અનુભવો છો, તે ખૂબ ભવ્ય છે. તમે સમજ્યા, તમે અહીં ખૂબ પ્રભાવશાળી વસ્તુ અનુભવો છો. (માતાજી હૃદય તરફ નિર્દેશ કરે છે).

અકસ્માતો તમારા તરફ આવે છે, કારણ કે તમે પૂરેપૂરા બાહ્ય, આંતરિક અને સ્થૂલ ચેતનામાં તથા અજ્ઞાનની અવસ્થામાં રહો છો, જે તમારી પાસે બધી જ મૂર્ખાઈઓ કરાવે છે, અને એ અકસ્માતો કુદરતી રીતે જ તે વસ્તુઓનાં પરિણામો લઈ આવે છે. આ બે વસ્તુમાં મહાન તફાવત છે. અને એક ઊંચી અવસ્થા જેમાં તમે તમારી જાતના ઉપર કાબૂ રાખવા માટે નિર્ણય કરો છો, ફક્ત સત્ય ચેતનામાં રહેવાનું નક્કી કરો છો. પછી ભલે તમારે તમારી પ્રગતિ માટે ગમે તે કિંમત ચૂકવવી પડે — અને તે વખતે જે વસ્તુઓ બને છે તે ખૂબ અર્થપૂર્ણ હોય છે, તમે તે બધી વસ્તુઓમાં સત્યનો પ્રકાશ જુઓ છો; જે પ્રકાશ તમારા માર્ગને પ્રકાશિત કરે છે, જાણે કે તમારી પાસે મશાલ હોય. અહીં તમને માર્ગદર્શન આપવા માટે... તમે સ્પષ્ટ જોઈ શકો છો ! તે એવી વસ્તુ નથી હોતી જે તમને કચડી નાખે, તમારી પીઠ ઉપર પડતી શિલાની માફક તે એક વિજયશાળી ઝળહળાટ હોય છે.

એટલા માટે કોઈ હંમેશાં કહે છે : પહેલાં પગલાં માટે જ પ્રયત્નની જરૂરિયાત છે. પ્રથમ પગલું એટલે : તે ભૂમિકામાંથી બહાર નીકળો અને આ ભૂમિકામાં ચડો. પછીથી બધું જ, બધું જ બદલાઈ જાય છે.

પરંતુ માણસે પૂરેપૂરા તે ભૂમિકામાંથી બહાર નીકળવું જોઈએ, વ્યક્તિએ ત્યાં રહેવું જોઈએ નહીં. વ્યક્તિએ એક પગ અહીં રાખવો અને બીજો ત્યાં રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ નહીં, કારણ કે તે ચાલી શકે નહીં.

તો આ સ્થિતિ છે, મારાં બાળકો.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃ ૩૧૧-૩૧૩ અને ૩૧૫-૩૧૬)

***

## જેઓ તમને તમારી ખામીઓ દર્શાવે તેમના પ્રતિ કૃતજ્ઞતા રાખો

## ૨૧, માર્ચ, ૧૯૫૮

માનવજાતિની પ્રગતિમાં ઉપકારક થતાં બધાં શાસ્ત્રોમાં હંમેશાં જણાવવામાં આવ્યું છે કે તમારી ભૂલો બતાવે તેવા સૌ પ્રત્યે તમારે ખૂબ કૃતજ્ઞ થવું જોઈએ, તેમનો સાથ સાધવો જોઈએ. પણ અહીં જે રૂપક આપવામાં આવ્યું છે તે સરસ છે : તમને તમારો દોષ બતાવવામાં આવે એ જાણે કે ખજાનો ખુલ્લો કર્યો એમ સમજવું. એટલે કે, જ્યારે જ્યારે તમારામાં રહેલાં દોષ, અશક્તિ, સમજનો અભાવ, દુર્બળતા, સચ્ચાઈનો

અભાવ, તમારી પ્રગતિનો અવરોધ કરનારું જે હોય તે, — એમાંથી જે કાંઈ તમારી નજર પર તરી આવે, ત્યારે ત્યારે જાણે કે કોઈ આશ્ચર્યકારક ખજાનો ખૂલ્યો હોય એમ સમજવું. ''અરે, વળી પાછી બીજી ત્રુટિ,'' એમ દિલગીરી સાથે કહેવાને બદલે, ઊલટું, તમારે ખુશ થવું જોઈએ : જાણે કે કોઈ આશ્ચર્યકારક વસ્તુ પ્રાપ્ત થઈ ! કારણ કે, તમારી પ્રગતિને રોકનારી ઘણી વસ્તુઓમાંની એક તમારી પકડમાં આવી ગઈ. અને જ્યારે પકડમાં આવી ગઈ, ત્યારે તેને બહાર ખેંચી લાવો ! જેઓ યોગસાધના કરતા હોય છે તેમને કોઈ અનિષ્ટ વસ્તુ હોવી ન જોઈએ. એમ જણાયું કે તરત જ તેને દૂર કરવાની, અમાન્ય કરવાની, એનો વિનાશ કરવાની તમારામાં તાકાત આવે છે.

દોષ શોધી કાઢવો એ પણ એક પ્રાપ્તિ છે. જાણે કે કોઈ એક નાનકડું દૂર કરાયેલું તમસ્‌નું ટપકું અને તેની જગ્યાએ ફેંકાયેલું પ્રકાશનું પૂર !

જ્યારે તમે યોગસાધના કરતા હો ત્યારે તમારે આ દુર્બળતા, આ નિમ્નતા, આ ઈચ્છાશક્તિનો અભાવ સ્વીકારવાં ન જોઈએ; અર્થાત્, જ્ઞાનને શક્તિ તરત જ ન અનુસરે એમ થવું ન જોઈએ. તમને એમ લાગે કે આમ થવું ન જોઈએ, અને છતાંય એમ થયા કરે, તો એ એક એવી દુર્બળતાની નિશાની બની જાય છે કે કોઈ ગંભીર સાધનામાં તે સ્વીકાર્ય થઈ ન શકે. આનો અર્થ એ થાય કે તે એક બેવફાઈને આરે આવેલો ઈચ્છાશક્તિનો અભાવ છે. તમે જાણતા હો કે આમ ન થવું જોઈએ, અને જે ક્ષણે તમે તેમ જાણો, ત્યારે એમ ન થવું જોઈએ એવો નિર્ણય લેનાર તમે પોતે હો છો. કારણ કે, જ્ઞાન અને શક્તિ મૂળમાં એક જ છે, — એટલે કે, તમારી પ્રગતિને આગળ ધપાવનાર જે કેન્દ્રસ્થ મનોબળ છે તેનો વિરોધી તમારી સત્‌તાના કોઈ એક ભાગમાં રહેલો દુર્ભાવનો પડછાયો, જે તમને નિર્વીર્ય, હિંમત વગરના, જે પાપને તમારે હણવું જોઈએ એમ જાણતા છતાં બળના અભાવવાળા બનાવે છે, — તેમાંથી કોઈને પ્રવેશ નહિ આપવો જોઈએ.

અજ્ઞાનને લઈને થતું પાપાચરણ પાપ નથી; જગત જેવું છે તેમાં રહેલો તે સામાન્ય પાપનો એક ભાગ હોય છે. પણ જાણતા છતાં થયેલું પાપ ગંભીર બાબત બની જાય છે. એનો અર્થ એ થયો કે ફળમાં જેમ કીડો હોય છે તેમ તમારામાં ક્યાંક દુર્ભાવનો એક અંશ છુપાયેલો છે, — એને કોઈ ભોગે પકડી પાડવો રહ્યો. કારણ કે, આવી બાબતની કોઈ દુર્બળતા મુશ્કેલીઓનું મૂળ બની રહે છે, જે પાછળથી કેટલીક વાર અસાધ્ય થઈ જાય છે.

ત્યારે હવે જ્યારે કોઈ વ્યક્તિ કે કોઈ સંજોગ તમે જેને નહોતા જાણતા એવી કોઈ ખામીની હાજરીમાં તમને ખડા કરીને મૂકી આપે ત્યારે, સૌ પ્રથમ તમારે સંપૂર્ણ ખુશ થવું. બળાપો કરવાને બદલે તમારે પ્રસન્ન થવું; અને જે વસ્તુ ન હોવી જોઈએ એને કાઢી મૂકવાનું બળ એ પ્રસન્નતામાંથી મેળવી લેવું જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃ ૨૩૮-૨૩૯)

## ઊંચામાં ઊંચી પ્રાર્થના છે કૃતજ્ઞતાની

પ્રાર્થના, સામાન્ય રીતે અમુક સુનિશ્ચિત હકીકતની બાબતમાં રચાયેલ હોય છે. એ

હંમેશાં અમુક પ્રકારનાં વચનો કે અન્ય પ્રકારની રચના વડે કરવામાં આવે છે માટે જ એને પ્રાર્થના કહેવામાં આવે છે. અને એ વસ્તુ અભીપ્સા કરતાં ઘણા વધારે પ્રમાણમાં બાહ્ય હોય છે. તમારી અંદર કોઈ અભીપ્સા હોઈ શકે અને તમે એનું પ્રાર્થનાના રૂપમાં પરિવર્તન કરી લઈ શકો છો, પરંતુ હંમેશાં, અભીપ્સા એ પ્રાર્થના કરતાં વધુ ઉચ્ચ કક્ષાની વસ્તુ રહે છે. અભીપ્સાની બાબતમાં  એવું હોય છે કે વ્યક્તિ, આત્મવિસ્મૃતિની વધુ નજદીકમાં અને વધુ સઘન ભાવે જીવન ધારણ કરતી હોય છે. એ તો કેવળ પોતાને જે વસ્તુ થવું હોય છે કે કરવી હોય છે તે બાબત પૂરતું જ જીવે છે, પોતાને જે કાંઈ કરવું હોય છે તેનું પ્રભુને સમર્પણ કરી દે છે. તમારે કોઈક વસ્તુ જોઈતી હોય છે તો તમે એને માટે પ્રાર્થના કરી શકો છો, અને પ્રભુએ તમને જે કંઈ આપ્યું હોય છે તે બદલ આભાર પ્રદર્શિત કરવા માટે પણ તમે પ્રાર્થના કરી શકો છો, અને એવે પ્રસંગે એ પ્રાર્થના વધુ ઉચ્ચ કક્ષાની હોય છે : એને આપણે એક આભારદર્શનનું કર્મ પણ કહી શકીએ. તમે એવી પ્રાર્થના પણ કરી શકો જેમાં પ્રભુએ તેમની કરુણાનું જે પાસું તમારા પ્રત્યે પ્રગટ કર્યું હોય તે બદલ તમે કૃતજ્ઞતા વ્યક્ત કરતા હો. પ્રભુએ તમારા માટે જે કાંઈ કર્યું હોય, તમે એમનામાં જે કોઈ વસ્તુનાં દર્શન કરતા હો અને તેમની જે સ્તુતિ કરવા માગતા હો, તે બાબતમાં પણ પ્રાર્થના કરી શકો છો. આ સર્વ વસ્તુઓ એક પ્રકારની રચના દ્વારા પ્રાર્થનાનું રૂપ લઈ શકે છે. અને એ તો નિશ્ચિત છે કે આવી પ્રાર્થનાને સર્વોત્કૃષ્ટ ગણી શકાય, કારણ કે એમાં તમે સર્વાંશે તમારી જાતમાં ગૂંથાઈ ગયેલા હોતા નથી તેમ જ એ કોઈ જાતની અહંકારમૂલક પ્રાર્થના હોતી નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ-૫ પૃ ૨૪૩-૨૪૪)

***

સહાય, રક્ષણ, દોરવણી તથા પોતાની અંતિમ સાર્થકતા મેળવવા માટે માનવનો આત્મા પિતા, માતા તથા સખા તરીકે પ્રભુ સમીપ જાય છે; અથવા તો, જ્ઞાનપ્રાપ્તિ જો અંતિમ હેતુ હોય તો પ્રભુને તે ભોમિયો, - માર્ગદર્શક ગુરુ તથા જ્યોતિર્દાતા ગણે છે, કારણ કે પ્રભુ પોતે જ જ્ઞાનસૂર્ય છે. વળી માનવનો આત્મા પોતે દુઃખ તથા ક્લેશમાંથી નીકળી છુટકારો, આશ્વાસન તથા મુક્તિ શોધતો હોય છે, ત્યારે પણ પ્રભુ પ્રત્યે વળે છે. એ મુક્તિ પછી ક્લેશમાંથી હોય, કે ક્લેશના નિવાસરૂપ સંસારમાંથી હોય, કે પછી ક્લેશનાં આંતર અને વધારે વાસ્તવિક કારણોમાંથી પ્રાપ્ત કરવાની હોય. ...

શ્રી અરવિન્દ

# કૃતજ્ઞતાનો પંથ

ગઈ વખતે પુસ્તકમાં આ પ્રમાણે લખાણ આપણે વાંચ્યું હતું : ''તેઓ (જેમને કોઈ ભગવાનમાં વિશ્વાસ હોય છે, તેમના ભગવાનમાં) તેના સમગ્ર રીતે બની રહે છે; તેમની જિંદગીના બધા જ પ્રસંગો દિવ્ય સંકલ્પશક્તિની અભિવ્યક્તિ હોય છે અને તેઓ બધા જ પ્રસંગોને સ્થિર આજ્ઞાંકિતતાથી સ્વીકારે છે એટલું જ નહિ; પરંતુ કૃતજ્ઞતાથી સ્વીકારે છે. કારણ કે તેમને ખાતરી હોય છે કે તેમના માટે જે કાંઈ બને છે તે તેમના શ્રેય માટે જ બને છે.''

સ્થિર આજ્ઞાંકિતતા અને કૃતજ્ઞતાપૂર્વકની આજ્ઞાધીનતા વચ્ચે શો ફેર છે ?

સ્થિર અને કૃતજ્ઞ આજ્ઞાંકિતતા ? જ્યારે તમને કોઈ આજ્ઞા મળે છે ત્યારે તમે તેને આધીન થઈ જાઓ છો, કારણ કે તમે નિશ્ચય કર્યો હોય છે કે આપણે તેને તાબે થઈ જવું; એટલે તમે આ આજ્ઞા પાળો છો, અને કોઈ પણ જાતના આનંદ કે ખુશી વગર, બિલકુલ શુષ્ક રીતે અને ઉપરછલ્લી રીતે, અને તમે તમારી જાતને કહો છો, ''મને આ કરવાનું કહેવામાં આવ્યું હતું અને હું તે પ્રમાણે કરું છું.'' આનો અર્થ એવો છે કે તમે સમજવા પ્રયત્ન કરતા નથી અને તમને જે કહેવામાં આવ્યું હોય તેને આનંદપૂર્વક વળગી રહેવા માટે કોઈ પ્રયત્ન કરતા નથી. આ ત્યાગની આજ્ઞાધીનતા છે. તમે તમારા નસીબનો સ્વીકાર કરી લો છો અને કદાચ તમે ફરિયાદ ન કરતા હો તો એટલા માટે કે તમે ફરિયાદ ન કરવાને નિશ્ચય કર્યો છે, એટલે આ નિર્ણયને લઈને તમે ફરિયાદ નથી કરતા, નહીં તો તમે ફરિયાદ કરી હોત.

બીજું દૃષ્ટાંત, તમને શા માટે એ આજ્ઞા મળી તેને સમજવા માટેનું છે. તમારે તેનું આંતરિક મૂલ્ય સમજવું છે અને તમને જે કહેવામાં આવ્યું છે તે માટે પૂરેપૂરી શક્તિથી, પૂરેપૂરી સમજથી અને આનંદથી અભિવ્યક્તિ કરવી છે અને તે એવી વસ્તુ છે જે પ્રભુને તમારી નજીક લાવશે અને તમને પૂરેપૂરો સંતોષ આપશે. પછીથી તમે આનંદ અનુભવો છો, તમને સંતોષ થાય છે અને તમે સહકાર આપો છો. આ તો ઘણો નોંધપાત્ર તફાવત છે.

સ્થિર આજ્ઞાધીનતામાં માણસને સુખની લાગણી થતી નથી ?

ઘણું ખરું વ્યક્તિ પોતાને વિશે ગર્વ લેતી થઈ જાય છે ! વ્યક્તિ મિથ્યાભિમાની થાય છે, અને પોતાની જાતને કહે છે કે હું અદ્‌ભુત કાર્ય કરું છું. આમાં માણસ કોઈ પ્રશ્ન કરતો જ નથી, સમજવાનો પ્રયત્ન કરતો નથી. તે આજ્ઞા પાળે છે અને મુક્તિનો અનુભવ કરે છે. પોતાની જાતને પૂછતો પણ નથી કે તે સારું છે કે નથી; તે ઘણો ઉચ્ચ કક્ષાનો છે. વ્યક્તિ અભિમાનથી ફૂલી સમાતી નથી. અહીં આવા ઘણા માણસો છે.

તેથી આ ખરેખરી આજ્ઞાધીનતા ન કહેવાય, ખરું ને ?

હું માનું છું કે બીજો પ્રકાર વધારે સારો છે. એમાં એક વસ્તુ તો છે જ કે તેમાં પોતે શા માટે વસ્તુઓ કરે છે તે સમજવાનો સંતોષ છે; વ્યક્તિ તેને આનંદથી કરે છે અને તે કરવાથી તેને તાકાત મળે છે એવો અનુભવ થાય છે. જ્યારે પહેલા દૃષ્ટાંતમાં માણસ વધારે ને વધારે નીચું માથું નમાવીને એમ અનુભવે છે કે જાણે તે પોતે કોઈ સત્તાધારી સરમુખત્યારનો તુચ્છ શિકાર બનેલો છે જે સરમુખત્યાર પોતાની સર્વ શક્તિમત્તાથી તેને કચડી નાખતો હોય.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃ ૬૪-૬૫)

***

વ્યક્તિનું ઉમદાપણું એનામાં રહેલી કૃતજ્ઞતાની લાગણી પરથી નક્કી થઈ શકે છે.

***

શ્રેષ્ઠ શક્ય રીત એ છે કે ઈશ્વરકૃપાને તમારી અંદર કાર્ય કરવા દેવું, કદાપિ એ કૃપાનો વિરોધ કરવો નહિ, ક્યારેય પણ કૃતઘ્ની બનવું નહિ તેમ જ કૃપાની વિરુદ્ધમાં જવું નહિ - પરંતુ કૃપાને પ્રકાશ, શાન્તિ, એકતા અને આનંદનું ધ્યેય પ્રાપ્ત થતાં સુધી એને અનુસરતા રહેવું.

***

એવા લોકો થોડા છે જેમને કૃપા તરછોડી દે છે, પરંતુ એવા ઘણા લોકો છે જે કૃપા તરફથી પોતાનું મુખ ફેરવી લે છે. (SABCL 23 : 614)

**શ્રી અરવિન્દ**

***

**ઈશ્વર પરત્વે કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવાની શ્રેષ્ઠ રીત છે : આનંદમાં રહેવું.**

**શ્રી માતાજી**

# કૃતજ્ઞતાનો આનંદ

માણસમાં ખૂબ વિશુદ્ધિ હોવી જોઈએ. સમર્પણમાં ખૂબ ઉત્કટતા હોવી જોઈએ, ભગવાનની કૃપાના પરમ જ્ઞાનમાં પરિપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ કે આપણે જાણીએ છીએ તેના કરતાં આપણે માટે શું કલ્યાણકારી છે તે ભગવાનની કૃપાનું જ્ઞાન વધારે સારી રીતે જાણે છે. પછી જો માણસ પોતાની અભીપ્સાને ખૂબ ઉત્કટતાપૂર્વક ભગવાનની કૃપાને સમર્પિત કરી દે છે, તો અદ્ભુત પરિણામો પ્રાપ્ત થાય છે, પણ તેમને કેવી રીતે જોવાં તે માણસે જાણવું જોઈએ, કારણ કે જ્યારે વસ્તુઓ સિદ્ધ થાય છે ત્યારે ઘણાખરા લોકો તે વસ્તુને તદ્દન સ્વાભાવિક માને છે, તે શા માટે અને કેવી રીતે બન્યું તે તેઓ જોતા પણ નથી, તેઓ પોતાની જાતને કહે છે કે સ્વાભાવિક રીતે આમ બનવું જ જોઈતું હતું. એટલે તેઓ આભાર માનવાના આનંદને ગુમાવી દે છે, કારણ કે આખરી પૃથક્કરણમાં, જો માણસ ભગવાનની કૃપા પ્રત્યે આભારની લાગણીથી સભર ભરાઈ જાય, તો તે છેલ્લો સ્પર્શ આપી જાય છે, પ્રત્યેક પગલે માણસ જોઈ શકે છે કે વસ્તુઓએ જેમ બનવું જોઈતું હતું તેવી જ તે બની છે અને તે શ્રેષ્ઠ જ બન્યું છે.

***

## ઈશ્વર સાથે સંપર્ક કેળવવાનું ખૂબ જ શક્તિશાળી ઉચ્ચાલન

બે મુખ્ય વસ્તુઓ છે. એક આ ઉત્સાહ માટેની શક્તિ, જે માણસને પોતાની મહત્તર અથવા ન્યૂનતમ જડતામાંથી બહાર લાવે છે, જેથી તે પોતાની જાતને વત્તીઓછી સમગ્ર રીતે તેને ઉત્સાહ આપનારી વસ્તુમાં ફેંકી શકે. દા.ત. કલાકાર પોતાની કલા માટે, વૈજ્ઞાનિક પોતાના વિજ્ઞાન માટે. સામાન્ય રીતે, દરેક સર્જકમાં, નિર્માણકારમાં એક ખાસ શક્તિનું, ખાસ શક્યતાનું ખુલ્લાપણું હોય છે, જે તેનામાં ઉત્સાહ ઉત્પન્ન કરે છે. જ્યારે તે સક્રિય હોય છે, ત્યારે તેના અસ્તિત્વમાં કાંઈક જાગૃત થાય છે, અને નિર્માણ થતી વસ્તુમાં તેનું લગભગ સમગ્ર અસ્તિત્વ ભાગીદાર બનતું હોય છે.

કેટલાક લોકોમાં આભારવૃત્તિની સાહજિક શક્તિ હોય છે; સમગ્ર જીવનની, સૂક્ષ્મથી સૂક્ષ્મ તત્ત્વની, જીવનની નાનામાં નાની ઘટનાની પીઠમાં એક ચમત્કારની પેઠે સંતાઈ રહેલું જે તેમને લાગે છે તેના પ્રત્યે હૃદયની ઉષ્ણતા, ભક્તિ, આનંદ સાથે પ્રત્યુત્તર આપવાની ઉત્કટ જરૂરિયાત તેમનામાં હોય છે. તેઓ સર્વ વસ્તુઓની પીઠમાં રહેલા પરમ સૌન્દર્યને અથવા અનંત કૃપાને અનુભવે છે.

મેં એવા કેટલાક માણસોને જોયા છે, જેમને કશાનું જ્ઞાન ન હતું, જેઓ લગભગ અભણ હતા, જેમનાં મન તદ્દન સામાન્ય પ્રકારનાં હતાં, અને છતાં જેમનામાં આ

આભારવૃત્તિની, હૃદયની ઉષ્માની શક્તિ હતી, જે પોતાની જાતને આપી દે છે, સમજે છે, અને આભાર માને છે.

તેવા લોકો માટે ચૈત્યિક સાથેનો સંપર્ક વારંવાર થતો, લગભગ સતત રહેતો, અને તેટલા પ્રમાણમાં તેઓ તેનાથી સભાન બની શકતા, બહુ નહિ તો થોડા સભાન; તેમને એમ લાગતું કે પોતે ખેંચાઈ રહ્યા છે, કશુંક તેમને મદદ કરી રહ્યું છે, પોતાથી ઊર્ધ્વમાં ઉઠાવી રહ્યું છે.

આ બે વસ્તુઓ લોકોને વધારેમાં વધારે તૈયાર બનાવે છે. જન્મથી જ તેમનામાં આ બેમાંથી એક વસ્તુ હોય છે; જો તેઓ પ્રયત્ન કરે, તો તે ધીમે ધીમે વિકાસ કરે છે, વૃદ્ધિ પામે છે.

અમે કહીએ છીએ કે ઉત્સાહ માટેની શક્તિ, જે કોઈક વસ્તુ તમને તમારી દુઃખી અને અધમ અહંતામાંથી બહાર કાઢે છે તે ઉદાર આભારવૃત્તિ, જે પોતાની જાતને નાન કડી અહંતામાંથી આભાર પ્રગટ કરવામાં બહાર ફેંકે છે, આ બે વસ્તુઓ પોતાના ચૈત્યિક અસ્તિત્વમાં ભગવાન સાથે સંપર્ક સાધવાનાં સૌથી વધારે શક્તિશાલી ઉચ્ચાલન બિંદુઓ છે. તે ચૈત્યિક અસ્તિવ સાથે સંપર્ક સાધવામાં એક સૌથી વધારે ખાતરીભરી કડી છે. (શ્રી માતૃવાણી ગ્રંથ-૭ પૃ ૨૪૩-૨૪૪ અને ૪૨૨-૪૨૩)

***

## કૃતજ્ઞતા વિનાની ભક્તિ અધૂરી છે

તમારામાં ભક્તિ હોય, પણ સાથે-સાથે અહંતા પણ હોય. ભક્તિ વડે તે અહંતા તમારી પાસે અનેક અહંતામય કૃત્યો કરાવે – અર્થાત્, તમે માત્ર તમારો જ વિચાર કરો, બીજાઓનો નહિ, જગતનો નહિ, કાર્યનો નહિ, જે તમારે કહેવું જોઈએ તેનો નહિ. તમે માત્ર તમારી ભક્તિનો જ વિચાર કર્યા કરો, અને તમે ભયંકર રીતે અહંતાપૂર્ણ બની જાઓ. એટલે, તમે આશા રાખી હોય તેટલા ઉત્સાહ-પૂર્વક ભગવાન તમારી ભક્તિનો પ્રત્યુત્તર નથી આપતા – એમ તમને લાગે, ત્યારે તમે નિરુત્સાહ – નિરાશ બની જાઓ અને મેં ઉપર ગણાવેલી ત્રણ પતનની ખીણોમાં ગબડી પડો. ભગવાનને તમે ક્રૂર માનવા લાગો. આપણે ઘણી કથાઓમાં વાંચ્યું છે કે ઉત્સાહ-પૂર્ણ ભક્તો પાછળથી ભગવાનને ગાળો દેવા લાગ્યા હતા, કારણ કે તેમણે આશા રાખી હતી તેવા ભલા અને નિકટના તેમને ભગવાન પાછળથી લાગ્યા ન હતા. ભગવાન ચાલ્યા ગયા હોય, એમ તેમને લાગે છે. ''હે મા, તમે કેમ અમને છોડી ગયાં છો ? તેઓ બહારથી એમ કહેતા હોતા નથી, પણ મનમાં એવું વિચારે છે, અથવા તે પોતાની જાતને કહે છે કે મેં કોઈ ગંભીર ભૂલ કરી હોવી જોઈએ, અને તેથી ભગવાને મને ફેંકી દીધો છે. તેઓ નિરાશ બની જાય છે.

***

## કૃતજ્ઞતા પરિવર્તનનું દ્વાર ખોલી આપે છે

**પ્રશ્ન :** માતાજી, પોતાની ચેતનાનું પરિવર્તન કઈ રીતે કરવું ?

અમુક સમયે વ્યક્તિ કોઈ ઉમદા કાર્ય જુએ છે, કંઈક અપવાદરૂપ વસ્તુ વિશે સાંભળે છે. વીરતાનું, ઉદારતાનું, આત્માની મહત્તા દર્શાવતું કોઈ કાર્ય જુએ છે. કોઈ એવા માણસને મળે છે કે જેની અંદર વિશિષ્ટ આવડત હોય અને જે સુંદર રીતે, અપવાદરૂપ કાર્ય કરતો હોય, ત્યારે એ વ્યક્તિમાં ઓચિંતા એક પ્રકારનો ઉત્સાહ, પ્રશંસા અને કૃતજ્ઞતાની લાગણી ઉત્પન્ન થાય છે, જે એક નૂતન ચેતનાવસ્થા, પ્રકાશ, ઉષ્મા અને અજાણ આનંદ પ્રત્યેનું દ્વાર ખોલી આપે છે. આ પણ માર્ગદર્શક તંતુને ગ્રહી લેવાની રીત છે. એને માટેના હજાર રસ્તાઓ છે, વ્યક્તિએ સભાન રહીને નિરીક્ષણ કરતા રહેવાનું છે. (CWM 8 : 405)

***

## કૃતજ્ઞતાની લાગણી આનંદ આપે છે

ભક્તિની સાથે સાથે બીજી પણ એક લાગણી સતત રહેવી જોઈએ. એ છે એક પ્રકારની કૃતજ્ઞતાની લાગણી. ‘ભગવાનનું અસ્તિત્વ છે.’ એ અદ્ભુત આભરવશતા જે તમને ઉચ્ચ આનંદથી સભર ભરી દે છે. ભગવાન છે, એ સત્ય તમારી અંદર આ આનંદ ભરી દે છે. આપણને જે દેખાય છે એ અત્યાચારોથી માત્ર આ જગત ભરેલું નથી; ભગવાન જેવી કોઈક વસ્તુ પણ છે જ; આ વિશ્વમાં એવી કોઈ સત્તા છે જે દિવ્ય છે, ઈશ્વરનું અસ્તિત્વ છે જ. અને જ્યારે જ્યારે આ લાગણી તમને સીધી કે આડકતરી રૂપે આ ઈશ્વરના અસ્તિત્વની વાસ્તવિકતા સાથે સંપર્કમાં મૂકી આપે છે ત્યારે તમારું હૃદય એટલા તો ઉત્કટ અને અદ્ભુત આનંદથી, કૃતજ્ઞતાની એવી તો લાગણીથી ઉભરાઈ જાય છે કે દરેક વસ્તુમાં તમને અતિશય આનંદની લાગણી થાય છે.

કૃતજ્ઞતાની લાગણી જે આનંદ આપે છે એવો આનંદ બીજી કોઈ ચીજ આપી શકે એમ નથી. આપણે પંખીને ગીત ગાતું સાંભળીએ છીએ, સુંદર ફૂલ જોઈએ છીએ, નાના બાળક તરફ દૃષ્ટિ કરીએ છીએ, અથવા તો કોઈની ઉદારતા નિહાળીએ છીએ કે કોઈ સુંદર વાક્ય વાંચીએ છીએ; આથમતા સૂર્યને નિહાળીએ છીએ, કે એવું કંઈક પણ જોઈએ છીએ ત્યારે આપણામાં ઓચિંતી એક ગભીર, ઉત્કટ લાગણી ઉત્પન્ન થાય છે કે જગત ઈશ્વરનો આવિર્ભાવ કરી રહ્યું છે, આ જગતની પાછળ એવું કંઈક આવી રહેલું છે, જે ઈશ્વર છે.

મને તો એમ જણાયું છે કે કૃતજ્ઞતા વગરની ભક્તિ અપૂર્ણ જ છે. ભક્તિની સાથેસાથે કૃતજ્ઞતાની લાગણી જન્મવી જ જોઈએ. (CWM 14 : 162)

***

અહંકાર વિચારે છે એને શું જોઈએ છીએ અને શું એની પાસે નથી. આ છે અહંકારની સતત વિચારણા.

આત્માને જે આપવામાં આવ્યું હોય છે, તે વિશે એ સભાન હોય છે અને તે અનંત કૃતજ્ઞતાની લાગણીમાં સતત રહેતો હોય છે. (CWM 14 : 257)

***

'જો મારી ધૂનો સંતોષાતી હોય તો જગત ભલેને નાશ પામી જતું.' આ છે અહંકારી મનનું વલણ, જે પોતાના સિદ્ધાન્તો સર્વ કોઈ ઉપર લાદી દેવા માગે છે.

પ્રભુની દૃષ્ટિએ સિદ્ધાન્તો અને કામનાઓ એક અને સમાન વસ્તુઓ છે : સિદ્ધાન્તો છે મનની ધૂનો, કામનાઓ છે પ્રાણમય સ્વરૂપની ધૂનો. (CWM 14 : 342)

***

## ઈશ્વર પરત્વેની કૃતજ્ઞતા

**પ્રશ્ન :** મધુર માતાજી, માનવ તેમ જ પ્રભુ પરત્વે કૃતજ્ઞતા દર્શાવવાની શ્રેષ્ઠ રીત કઈ છે ? તમે માનવ તેમ જ પ્રભુને એકસાથે કેમ મૂકો છો ?

એ સાચું છે કે માનવ તત્ત્વતઃ પ્રભુ જ છે; પરંતુ હાલ — સિવાય કે ખૂબ જ અપવાદ વગર — માનવ, જે દિવ્ય સંનિધિને પોતાની અંદર ધારણ કરી રહ્યો છે તેના વિશે અભાન જ છે. અને આ અભાનતા જ ભૌતિક વિશ્વમાં જૂઠાણાનું સર્જન કરે છે.

મેં તમને અગાઉ લખીને જણાવ્યું છે કે આપણી કૃતજ્ઞતાની લાગણી પ્રભુ પરત્વેની જ હોવી જોઈએ અને માનવને લાગેવળગે છે ત્યાં સુધી શુભભાવના, સમજશક્તિ અને અન્યોન્ય મદદની લાગણી હોય એ પૂરતું છે.

શાન્ત અને સુખી બની રહેવા માટે પ્રભુ પરત્વે સંપૂર્ણ કૃતજ્ઞતાની ગાઢ, તીવ્ર અને સતત લાગણી હોવી એ શ્રેષ્ઠ રીત છે. (CWM 16 : 313-14)

## આપણી કૃતજ્ઞતાની લાગણી અભિવ્યક્ત કરવાની શ્રેષ્ઠ રીત

આપણી કૃતજ્ઞતાની લાગણી અભિવ્યક્ત કરવા માટે શ્રેષ્ઠ વસ્તુ આપણે કરી શકીએ તે એ કે આપણી અંદર રહેલી સર્વ અહંકારની લાગણીને દૂર કરી દઈને આ રૂપાંતર માટે સતત પ્રયત્ન કરવો. માનવઅહંકાર પોતાનો હક એમ જણાવીને જતો કરવા નથી માગતો કે : 'અન્ય લોકોનું રૂપાંતર થયું નથી.' પરંતુ એ છે દુર્ભાવનાની મજબૂત પકડ; કારણ પ્રત્યેક વ્યક્તિની ફરજ એ છે કે તે પોતાનું રૂપાંતર સિદ્ધ કરવા પ્રયત્ન કરે. બીજાઓ શું કરે છે તે આપણે જોવાનું નથી.

માણસોને જો એ સમજ પ્રાપ્ત થઈ જાય કે આ રૂપાંતર, અહંકારનો વિનાશ, એ જ માત્ર સતત આનંદ અને શાન્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ છે, તો એ લોકો રૂપાંતર માટે જરૂરી પ્રયત્ન કરવાની સહમતિ દર્શાવશે. (CWM 16 : 428)

## પ્રેમ માટે અને પ્રયત્નના આનંદ માટે પ્રયત્ન કરો

**પ્રશ્ન :** વહાલાં માતાજી, જ્યારે અમે વધારે સારું કામ કરવા માટે પ્રયાસ કરીએ છીએ, પણ તેમાં કંઈ પ્રગતિ નથી થતી, ત્યારે અમે નિરાશ કે, નાહિંમત બની જઈએ છીએ. ત્યારે અમારે માટે કયી વસ્તુ કરવી એ શ્રેષ્ઠ છે ?

નિરાશ ન બનવું. નિરાશા ક્યાંય લઈ જતી હોતી નથી.

પ્રથમ તો તમરારે તમારી જાતને એમ કહેવું જોઈએ કે હું પ્રગતિ કરું છું કે નહિ તે જાણવા માટે હું તદ્દન અશક્તિમાન છું, કારણ કે ઘણી વખત, જ્યારે લાંબા સમય સુધી રૂકાવટની સ્થિતિ આવે છે, પ્રગતિ થતી દેખાતી હોતી નથી, ત્યારે યાદ રાખો કે તે સમય લાંબો હોય, પણ અનંત નથી, અને રૂકાવટની સ્થિતિ એ આગળ કૂદકો લેવાની તૈયારી હોય છે. આપણે કેટલીકવાર અઠવાડિયાંઓ સુધી, મહિનાઓ સુધી કાંઈ પ્રગતિ કરી શકતા હોતા નથી એમ લાગે છે, પછી એકદમ જેની તૈયારી ગર્ભમાં થઈ રહી હતી તે પ્રગટ થાય છે, આપણને માલુમ પડે છે કે ઘણું પરિવર્તન થઈ ગયું છે, અને તે પણ એકી વખતે ઘણી બાબતોમાં.

યોગમાં દરેક બાબતમાં હોય છે તેમ, પ્રગતિ માટેના પ્રયાસ પ્રત્યે પ્રેમ હોવાને કારણે જ પ્રગતિ માટે પ્રયાસ કરવો જોઈએ. પ્રયાસ કર્યાનો આનંદ, પ્રગતિ માટેની અભીપ્સા પોતે જ બસ છે; તેમાં પરિણામોની પરવા કરવાની જરૂર નથી. યોગમાં જે કાંઈ કરવામાં આવે તે કરવાના આનંદ માટે કરાવું જોઈએ, પરિણામ કે ફળ માટે નહિ. સાચે જ, જીવનમાં વસ્તુઓનાં પરિણામો આપણા હાથની વાત નથી. જો આપણે સાચું વલણ અપનાવવું હોય તો આપણે સ્વયંભૂ રીતે કાર્ય કરવું જોઈએ, લાગણી અનુભવવી જોઈએ, વિચાર કરવો જોઈએ, પ્રયાસ કરવો જોઈએ, કારણ કે તે આપણે કરવાનું હોય છે, પણ ફળની આશા ન રાખવી જોઈએ.

જ્યારે આપણે ફળની ઇચ્છા રાખીએ છીએ ત્યારે તે સોદો બની જાય છે, અને તેથી પ્રયાસમાંથી દિલની સચચાઈ ચાલી જતી હોય છે. તમે પ્રગતિ માટે પ્રયત્ન કરો છો, કારણકે તમારામાં તમને પ્રગતિ કરવાની, પ્રયાસ કરવાની અનિવાર્ય જરૂરિયાત અનુભવાય છે, તે પ્રયાસ તમે તમારામાં અને વિશ્વમાં રહેલી દિવ્ય ચેતનાને ભેટ રૂપે અર્પણ કરો છો; તે આભાર પ્રદર્શિત કરવાનો એક પ્રકાર છે. તેનું પરિણામ પ્રગતિમાં આવે છે કે નહિ તે મહત્ત્વનું નથી. નિયત સમયે તમે પ્રગતિ કરશો, તમે ઇચ્છો છો માટે નહિ.

જો તમે પ્રગતિ કરવા માગતા હો, તમારી જાત પર કાબૂ મેળવવા પ્રયત્ન કરતા હો, અમુક ન્યૂનતાઓને, નબળાઈઓને, અપૂર્ણતાઓને દૂર કરવા માગતા હો, અને જો તમે તમારા પ્રયાસનું તત્કાળ ફળ મેળવવાની ઇચ્છા કરો, તો તમારા પ્રયાસમાંથી દિલની સચ્ચાઈ ચાલી જાય છે, તે એક સોદો બની જાય છે. તમે એમ કહેતા હો છો કે, જુઓ, હું

પ્રયત્ન કરું છું, પણ તેના બદલામાં મને આ મળવું જોઈએ. ત્યારે તમે સ્વાભાવિક સ્વયંભૂ નથી રહેતા.

એટલે એ વસ્તુઓ યાદ રાખવાની છે. એક, પરિણામ શું હોવું જોઈએ તેનો નિર્ણય કરવા આપણે અસમર્થ છીએ. જો આપણે ભગવાનમાં વિશ્વાસ રાખીએ અને કહીએ કે, ''હવે હું બધું જ સમર્પિત કરવા માગું છું. સર્વ કાંઈ, પ્રયાસ, એકાગ્રતા, મને પરિણામરૂપે બદલામાં કાંઈ આપવું કે નહિ તેનો નિર્ણય ભગવાન કરશે. પરિણામ બાબત હું કાંઈ જ જાણતો નથી.'' આપણે આપણામાં કાંઈક રૂપાંતર કરીએ ત્યારે પહેલાં, તે રૂપાંતર કયી દિશા લેશે, કયો માર્ગ લેશે, કયું રૂપ ધારણ કરશે, તેની આપણને ખાતરી હોય છે ખરી ? જરા પણ નહિ, તે માત્ર આપણી કલ્પના હોય છે, અને તેથી આપણને મળવાના પરિણામને આપણે મર્યાદિત કરી લેતાં હોઈએ છીએ, તેને તદ્દન ક્ષુદ્ર, અધમ, અને કૃત્રિમ બનાવી મૂકીએ છીએ. પરિણામ સાચી રીતે કેવું હોઈ શકે તે આપણે જાણતા હોતા નથી. તે તો આપણે પાછળથી જાણીએ છીએ. જ્યારે તે આવે છે, જ્યારે પરિવર્તન આવે છે, ત્યારે પાછળ દૃષ્ટિ નાંખીને આપણે કહીએ છીએ કે, ઓહ, હું તેના પ્રત્યે જ ગતિ કરી રહ્યો હતો; પણ તે આપણે પાછળથી જાણીએ છીએ. તે પહેલાં આપણે માત્ર અસ્પષ્ટ, તદ્દન કૃત્રિમ, અને સાચી પ્રગતિની સરખામણીમાં, સાચા રૂપાંતરની સરખામણીમાં બાલિશ કલ્પનાઓ કરતાં હોઈએ છીએ.

એટલે પહેલો મુદ્દો : આપણે અભીપ્સા કરીએ છીએ, પણ તેનું સાચું પરિણામ આપણને શું મળવું જોઈએ તે આપણે જાણતા હોતા નથી. માત્ર ભગવાન જ તે જાણી શકે.


બીજો મુદ્દો : જો આપણે ભગવાનને કહીએ કે, ''હું તમને મારો પ્રયાસ સમર્પું છું, પણ તમે જાણો છો કે તેના બદલામાં મારી પ્રગતિ થવી જોઈએ; નહિ તો હું તમને કાંઈ જ સમર્પિત નહિ કરું !'' આ તો સોદો થયો.

(મૌન)

તે કર્યા સિવાય રહી શકાય તેમ નથી તેવું, સદ્ભાવનાયુક્ત. સમર્પણ ભાવે કરાયેલું, સ્વયંભૂ કાર્ય તે જ માત્ર એવું કાર્ય છે, કે જેનું કાંઈક સાચું મૂલ્ય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૯ પૃ ૨૯૦થી ૨૯૨)

***




## શ્રી માતાજી

માણસ જ્યારે થોડો વધુ શાણો થશે ત્યારે તે કોઈપણ વસ્તુ વિશે ફરિયાદ નહિ કરે. અને સર્વ વસ્તુઓને ઈશ્વર તેમાં પોતાની સર્વકરુણાને આવિર્ભાવ આપી રહ્યા હોય છે એ ભાવે એનો સ્વીકાર કરશે.

આપણે જેટલા વધુ સમર્પિત થયેલાં હોઈએ તેટલું આપણે વધુ સમજી શકીશું. આપણે વધુ કૃતજ્ઞી હોઈશું તો વધુ સુખી બની રહીશું. (CWM 16 : 342)

## શ્રી અરવિન્દ



શ્રી અરવિન્દ
(મહાસમાધિ)



અમારા ગુરુના નિવાસ રૂપ બનેલા હે પાર્થિવ આવરણ, તારા અમે અપાર અપાર કૃતજ્ઞ છીએ. અને આપને, નમન છે અમારાં આપને ચરણે, હે ગુરુ ! આપે અમારે માટે કેટલું કેટલું કર્યું છે ! આપે કાર્ય ઉપાડ્યું, જંગ ખેડ્યા, ઘા વેઠ્યા, આશાઓ સેવી અને કેટલું કેટલુંયે તપ્યા. હે ગુરુ, આપે વિશ્વની સકલ સિદ્ધિઓ માટે સંકલ્પ સેવ્યો, એ સર્વને સિદ્ધ કરવાની સાધના આદરી, તૈયારી કરી, અને અમારે માટે સર્વ કંઈ સિદ્ધ કરી આપ્યું. આપને અમારાં નમન છે, અને પ્રાર્થના છે કે આપના પ્રતિનું અમારું આ સર્વ ઋણ અમે કદી પણ, એક ક્ષણ માટે પણ વીસરીએ નહિ.

શ્રી માતાજી

# કૃતજ્ઞતાપૂર્વક શ્રી અરવિન્દનું સ્મરણ કરવું

**શ્રી માતાજી આપણને યાદ કરાવે છે**

આજે સાંજે પ્રશ્નોના ઉત્તર આપવાને બદલે હું એવું પસંદ કરીશ કે આપણે શ્રી અરવિન્દની સ્મૃતિ ઉપર ધ્યાન ધરીએ. શ્રી અરવિન્દ પૃથ્વીના લોકોને માટે એક મહાન સાક્ષાત્કારની વાત કરવાને આવ્યા હતા. એટલું જ નહિ પણ એ સાક્ષાત્કારને સિદ્ધ કરવાની તપસ્યા પણ એમણે આદરી હતી. અને અત્યારે પણ તેઓ પોતાના નિત્ય તેજોમય, સજીવન અને સક્રિય સ્વરૂપ વડે પોતાની ચેતનામાં એ સાક્ષાત્કારને સિદ્ધ કરી રહેલા છે. (CWM 9 : 172)

***

**આ વર્ષ શ્રી અરવિન્દને સમર્પિત છે**

શ્રી અરવિન્દ આ પૃથ્વી ઉપર જે પ્રકાશ, જ્ઞાન અને શક્તિ ઉદારતાપૂર્વક લઈ આવ્યા છે તેને માટે એમના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાની શ્રેષ્ઠ રીત નિશ્ચિતપણે એ જ છે કે એમના તત્ત્વદર્શનને વધારે સારી રીતે સમજવું અને એને આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરવો.

એમનું તત્ત્વદર્શન આપણને પ્રબોધિત કરો અને આપણું માર્ગદર્શન કરો, જેથી આપણે આજે જે કરી શકતા નથી, તે આવતીકાલે આપણે કરીશું. (CWM 13 : 16)

***

શ્રી અરવિન્દ પ્રત્યે આપણી કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરવાની સારામાં સારી રીત તેમના ઉપદેશનું જીવંત ઉદાહરણ બની રહેવા કરતાં બીજી કોઈ નથી.

(CWM 13 : 28)

***

**અનિવાર્ય ગુણો તેમજ સદ્‌ગુણો**

તત્ત્વતઃ આશ્રમવાસી એ છે જેમણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી એમની સેવા કરવાના હેતુસર પોતાનું જીવન નૈવેદ્ય રૂપે ધરી દીધું હોય. આને માટે ચાર સદ્‌ગુણો અનિવાર્ય છે, જેના વગર પ્રગતિ અનિશ્ચિત છે, તેમ જ રૂકાવટો અને મુશ્કેલીજનક પતનો પણ આવતાં રહે. એ ચાર સદ્‌ગણો છે :

ધ્યેયનિષ્ઠા, વફાદારી, વિનમ્રતા અને કૃતજ્ઞતા.

***

પ્રશ્ન : પોતે આશ્રમનું સાચું બાળક છે એમ કહેવાવડાવવા માટે કયા ગુણો જરૂરી છે ?
ઉત્તર : ધ્યેયનિષ્ઠા, હિંમત, શિસ્ત, ધીરજ, ઈશ્વરના કાર્યમાં સંપૂર્ણ શ્રદ્ધા અને ઈશ્વરકૃપામાં

અડગ વિશ્વાસ. અને આ સર્વ સાથે લાંબો કાળ ટકે તેવી તીવ્ર અને ખંતપૂર્વકની અભીપ્સા. સાથે સાથે અખૂટ ધીરજ પણ ખરી. (CWM 13 : 113)

***

**સવિસ્તર કૃતજ્ઞતા :** એવી કૃતજ્ઞતા જે ઈશ્વરકૃપાની કલમવાર, સર્વ વિગતો વિશે સભાનતા જાગ્રત કરે.

***

**પૂર્ણ કૃતજ્ઞતા :** સમગ્ર સ્વરૂપ સંપૂર્ણ વિશ્વાસ સહિત પરમાત્માને અર્પિત થઈ જાય.

***

**મનોમય કૃતજ્ઞતા :** મનને જે પ્રગતિ કરાવે છે એના પ્રતિની કૃતજ્ઞતા. (આભારવશતા)

***

ઈશ્વર તમને જે આપે છે તે હંમેશાં હર્ષપૂર્વક સ્વીકારો.

***

હું જે આપું તે સ્મિતપૂર્વક સ્વીકારવું એ કદાપિ સ્વાર્થ નથી જ. સુખપૂર્ણ કૃતજ્ઞતાની લાગણી સિવાય અહંકારનો સારો ઈલાજ અન્ય કોઈ નથી. (CWM 14 : 154-55)

***

આ રૂપાંતર સિદ્ધ કરવાનો યોગ સૌથી વધારે પરિશ્રમ માગી લે તેવો છે, આ યોગ તેમને માટે છે કે જેમને એવું અનુભવાતું હોય કે : ''હું માત્ર આ યોગ કરવા માટે જ ન અન્ય કંઈ કરવા માટે નહિ ન જન્મ્યો છું. આ જ મારા અસ્તિત્વનું એકમાત્ર કારણ છે, ભલે પછી તેમાં ખૂબ મહેનત કરવી પડે, દુઃખ વેઠવું પડે, સંઘર્ષ કરવો પડે, તે બધું કંઈ વિસાતમાં નથી. મારે તો આ યોગ કરવો જ છે, અન્ય કંઈ નહિ.''

આમ જો ન અનુભવાતું હોય તો પછી 'તમે સુખી બનો, સારા બનો' એટલું જ હું તમને જણાવીશ. સારા બનો એટલે એ સમજ કેળવો કે તમે જે પરિસ્થિતિઓમાં જીવન જીવ્યાં છો તે અપવાદરૂપ પરિસ્થિતિઓ છે. અને તમે સામાન્ય જીવનની સરખામણીએ ઊર્ધ્વ, વધુ ઉમદા, વધુ સત્ય જીવન જીવવાનો પ્રયત્ન કરો, જેથી આ ચેતના, આ પ્રકાશ, આ સદ્‌ગુણનો અંશ જગતમાં અભિવ્યક્ત થઈ શકે. એ ઘણું સારું હશે.

**શ્રી માતાજી**

***

# નિષ્ઠાનું માપયંત્ર

આ બધી વસ્તુઓ કેવી રીતે કરવી તે મનુષ્ય અભ્યાસથી અને એનું વિજ્ઞાન જાણી શીખી શકે. પણ જો અભીપ્સા અને સમર્પણ સાવ નિરપેક્ષ અને પૂરાં હોય તો એનો અભ્યાસ કર્યા વિના કે એનું વિજ્ઞાન પણ જાણ્યા વિના એ આચરી શકાય. જો અભીપ્સા અને સમર્પણ સર્વાંશે હોય તો આપમેળે એ થતું જ રહે છે. પણ તમારે એ જોવું જોઈએ કે આ બંને પૂર્ણ છે; વળી હું હમણાં જ કહેતી હતી તેમ, તમારે એ વિશે બહુ જાગ્રત થઈ જવાનું છે, કારણ કે જે ક્ષણે એ અધૂરાં તે જ ક્ષણે તમે સુખી ન હોવાનાં. તમને બેચેની લાગે, ખૂબ દુઃખ ને ગ્લાનિ ઉત્પન્ન થાય — તમે થોડેક અંશે દુઃખી થઈ જાવ. ''આજે કાંઈ બધું બરાબર પાર ઊતર્યું નહીં, ગઈ કાલે હતાં તેવાં જ છે અભીપ્સા અને સમર્પણ તો; પણ ગઈ કાલે તો એ બહુ અદ્‌ભુત લાગતાં હતાં અને આજે તો એમાંથી કાંઈ મઝા નથી આવતી !'' — શા માટે ? કારણ કે ગઈકાલે તમે પૂર્ણ સમર્પણની દશામાં હતા, વધતે ઓછે અંશે પણ એ પૂર્ણ હતું, અને આજે હવે તેમ નથી. તેથી જ, જે ગઈકાલે આટલું સુંદર ભાસતું હતું તે આજે સુંદર દેખાતું નથી. તમારામાં જે આનંદ હતો, જે વિશ્વાસ હતો, જે ખાતરી હતી કે બધું સારું જ થઈને રહેવાનું છે અને મોટું કામ સિદ્ધ થવાનું છે — એ આત્મવિશ્વાસ — એ બધું, તમે સમજો છો ને ? આજે ઢંકાઈ ગયું છે, આજે તમારામાં એક પ્રકારની શંકા જાગી છે, હા, કશોક અસંતોષ જાગ્યો છે : ''વસ્તુઓ એવી સુંદર નથી, જગત ખૂબ દુષ્ટ છે, લોકો કાંઈ બધા મઝામાં નથી.'' કેટલીક વખત તો એટલે સુધી આ વાત પહોંચે છે કે આજે ખાવાનું સારું નથી, ગઈકાલે ખૂબ સરસ હતું.'' ''બધું જેમ છે, તેમ જ છે, પણ આજે કાંઈ ગમતું નથી !'' ત્યારે આ છે તમારૂં બેરોમીટર ! (માપનારૂં યંત્ર) તમે તરત જ તમારી જાતને જણાવી દેજો કે કશેક કપટ પેઠું છે —નિષ્ઠાનો અભાવ છે. અને એ જાણવું બહુ સરળ છે, એને માટે કાંઈ મોટા પંડિત હોવાની જરૂર નથી. કારણ કે જેમ શ્રી અરવિન્દે ''યોગનાં મૂળ તત્વો'', '' Elements of Yoga '' માં કહ્યું છે તેમ માણસને પોતે દુઃખી છે કે સુખી તે સમજાઈ જાય છે, પોતાને સંતોષ છે કે અસંતોષ, એ સમજાઈ જાય છે, એને માટે કાંઈ ગૂંચવણભર્યો પ્રશ્ન એણે પોતાને પૂછવો પડતો નથી, એ વિશે તો ખબર જ પડી જાય છે ! ઠીક, તો આમ આ બહુ સરળ છે.

જે ક્ષણે તમને પોતાને પોતે દુઃખી છો એમ લાગે તે જ ક્ષણે તેની નીચે લખી દઈ શકો, ''હું નિષ્ઠાવાન નથી.'' આ બે વિધાનો હંમેશાં સાથે જ જતાં હોય છે :

''હું પોતાને દુઃખી લાગું છું.''

''હું નિષ્ઠાવાન નથી — મારામાં નિષ્ઠાનો અભાવ છે.''

હવે ત્યારે, ખોટું શું છે ? પછી આત્મનિરિક્ષણ કરવાનું હોય છે. અને કારણ શોધી કાઢવું એ બહુ સરળ હોય છે. **(Collected Works of the Mother, Vol. 6, PP. 215-16)**

**શ્રી માતાજી**

# સાવિત્રી મહાકાવ્યની પસંદગીની પંક્તિઓ

(‘સાવિત્રી’ નો ગુજરાતી અનુવાદ શ્રી પૂજાલાલનો છે.)
(માર્ચ, ૨૦૨૨ના અંકથી ચાલુ)

**A mother’s arms**
One day I shall behold my great sweet world
Put off the dire disguises of the gods,
Unveil from terror and disrobe from sin.
Appeased we shall draw near our mother’s face,
We shall cast our candid souls upon her lap;
Then shall we clasp the ecstasy we chase,
Then shall we shudder with the long-sought god,
Then shall we find Heaven’s unexpected strain.
Not only is there hope for godheads pure;
The violent and darkened deities
Leaped down from the one breast in rage to find
What the white gods had missed: they too are safe;
A mother’s eyes are on them and her arms
Stretched out in love desire her rebel sons.

Savitri: 613

**માતાના બાહુઓ**
દિન એક નિહાળીશ મારા મોટા અને મધુર વિશ્વને
દેવોના છળવેશોના ઘોર વાઘા ઉતારતું,
ત્રાસનો બુરખો કાઢી નાખતું ને
પાપકેરો જામો દૂર ફગાવતું.
પ્રસન્ન આપણે જાશું મુખ પાસે આપણી અંબિકાતણા,
આપણા સરલાત્માઓ એને અંકે સમર્પશું;
લીધી છે પૂઠ જેની તે સંમુદાને લઈશું બાહુમાં તદા,
દીર્ઘ સમાથકી જેને શોધ્યો છે તે દેવે ત્યારે પ્રકંપશું,
અનપેક્ષિત તે વારે પામશું સૂર સ્વર્ગનો.
માત્ર વિશુદ્ધ દેવોને માટે આશા ન એકલી;
એક હૈયાથકી રોષભેર જેઓ નીચે કૂદી પડયા હતા,
ચૂકયા ’તા શુભ્ર દેવો જે તેની સંપ્રાપ્તિ સાધવા

તે ઉગ્ર તિમિરે ગ્રસ્ત દેવતાઓ સુધ્ધાંયે છે સુરક્ષિત;
એક માતાતણી આંખો ઠરી છે તેમની પરે
ને જે પ્રેમે પ્રસારેલો હસ્ત છે તે
સ્વ-વિદ્રોહી સુતોનીય સ્પૃહા કરે.

**The defeat of death**

Light like a burning tongue licked up his thoughts,
Light was a luminous torture in his heart,
Light coursed, a splendid agony, through his nerves;
His darkness muttered perishing in her blaze.
Her mastering Word commanded every limb
And left no room for his enormous will
That seemed pushed out into some helpless space
And could no more re-enter but left him void.
He called to Night but she fell shuddering back,
He called to Hell but sullenly it retired:
He turned to the Inconscient for support,
From which he was born, his vast sustaining self;
It drew him back towards boundless vacancy
As if by himself to swallow up himself:
He called to his strength, but it refused his call.
His body was eaten by light, his spirit devoured.
At last he knew defeat inevitable
And left crumbling the shape that he had worn,
Abandoning hope to make man's soul his prey
And force to be mortal the immortal spirit.
Afar he fled shunning her dreaded touch
And refuge took in the retreating Night.

Savitri: 667

**મૃત્યુનો પરાજય**

જ્વલંતી જીભની જેમ જ્યોતિ એના વિચારો અવલેહતી,
એના હૃદયમાં જ્યોતિ હતી એક જ્યોતિર્મય મહાવ્યથા,
એની નસોમહીં જ્યોતિ દોડતી'તી દીપ્ત કો યાતના સમી;
એનો અંધાર સાવિત્રીકેરી અર્ચિષની મહીં

જલ્પનાએ ભર્યો લુપ્ત થતો હતો.
સાવિત્રીનો વશીભૂત કરતો શબ્દ મૃત્યુના
પ્રત્યેક અંગને આજ્ઞાપતો હતો
ને એના ઘોર સંકલ્પ માટે સ્થાન એકેય રાખતો ન 'તો.
જે સંકલ્પ નિરાધાર કો જગાએ ધકેલાયેલ લાગતો
ને ફરીથી લેશમાત્ર પ્રવેશી શકતો ન'તો
કિંતુ એને ખાલીખમ જ છોડતો.
એણે પોકાર રાત્રીને કર્યો કિંતુ ધ્રૂજતી એ હઠી ગઈ,
કર્યો નરકને સાદ, કિંતુ ખિન્ન વદને એ ફરી ગયું;
અવલંબન લેવાને અચિત્‌તી પ્રતિ એ વળ્યો,
જે અચિત્‌થી જન્મ, એનો થયો હતો
ને બૃહદ્-રૂપ એનું જે હતું આધાર આપતું:
એણે ખેંચી લીધો એને નિ:સીમા રિક્તતા પ્રતિ,
જાણે કે આપનાથી એ ગળી જાવા આપને હોય માગતો:
પોતાના બળને એણે હાક પાડી
કિંતુ એણે નકારી હાક એહની.
પ્રકાશે ભરખી લીધો પિંડ એનો,
આત્મા એનો અન્ન એનું બની ગયો.
અંતે એણે પિછાણ્યું કે હાર અપરિહાર્ય છે
ને પોતે રૂપ લીધું 'તું તેને એણે તજ્યું શીર્ણ થઈ જતું,
માનવી જીવને ભોગ પોતાના કરવાતણી
એને અમર આત્માને બળાત્કારે મર્ત્ય બનાવવાતણી
આશા એણે પરિત્યજી.
ભાગ્યો એ દૂર ટાળીને સાવિત્રીના ભયોત્પાદક સ્પર્શને
અને પાછી હઠી જાતી રાત્રિને શરણે ગયો.

*

સાવિત્રી સત્યવાનને મૃત્યુના પ્રદેશમાં અનુસરી રહી હતી અને મૃત્યુના દેવ સાથે દલીલ કરી રહી હતી ત્યારે મૃત્યુદેવે કહ્યું હતું : 'આ છે નિયમ, કાયદો અને એને બદલવાનો હક કોને છે? .... અને સાવિત્રી પ્રત્યુત્તર આપે છે: 'મારા પ્રભુ એ બદલી શકે. અને મારા પ્રભુ છે, પ્રેમના પ્રભુ.' કેટલું સુંદર વર્ણન શ્રી અરવિન્દે કર્યું છે.

*The Mother Conversation with Disciple, November 12, 1960*

**The Eternal and Supreme**

His slumber is an Almightiness in things,
Awake, he is the Eternal and Supreme.
Above was the brooding bliss of the Infinite,
Its omniscient and omnipotent repose,
Its immobile silence absolute and alone.
All powers were woven in countless concords here.
The bliss that made the world in his body lived,
Love and delight were the head of the sweet form.
In the alluring meshes of their snare
Recaptured, the proud blissful members held
All joys outrunners of the panting heart
And fugitive from life's outstripped desire.
Whatever vision has escaped the eye,
Whatever happiness comes in dream and trance,
The nectar spilled by love with trembling hands,
The joy the cup of Nature cannot hold,
Had crowded to the beauty of his face,
Were waiting in the honey of his laugh.
Things hidden by the silence of the hours,
The ideas that find no voice on living lips,
The soul's pregnant meeting with infinity
Had come to birth in him and taken fire:
The secret whisper of the flower and star
Revealed its meaning in his fathomless look.
His lips curved eloquent like a rose of dawn;
His smile that played with the wonder of the mind
And stayed in the heart when it had left his mouth
Glimmered with the radiance of the morning star
Gemming the wide discovery of heaven.
His gaze was the regard of eternity;
The spirit of its sweet and calm intent
Was a wise home of gladness and divulged
The light of the ages in the mirth of the hours,
A sun of wisdom in a miracled grove.
In the orchestral largeness of his mind
All contrary seekings their close kinship knew,

Rich-hearted, wonderful to each other met
In the mutual marvelling of their myriad notes
And dwelt like brothers of one family
Who had found their common and mysterious home.
As from the harp of some ecstatic god
There springs a harmony of lyric bliss
Striving to leave no heavenly joy unsung,
Such was the life in that embodied Light.
He seemed the wideness of a boundless sky,
He seemed the passion of a sorrowless earth,
He seemed the burning of a world-wide sun.

Savitri : 683

**સનાતન અને પરમ**

એની નિદ્રા સર્વશક્તિમત્તા છે વસ્તુઓમહીં,
જાગેલો એ નિત્યરૂપ અને પરમદેવ છે.
ઊર્ધ્વ હતું લયે લીન મહાસુખ અનંતનું,
એનો સર્વજ્ઞ ને સર્વશક્તિમાન આરામ શાંતિએ ભર્યો,
હતું અચલતાયુક્ત મૌન એનું કેવલાત્માક એકલું.
અસંખય મિત્રતાકેરા મેળોમાં હ્યાં શક્તિઓ સૌ વણાઈ 'તી.
વિશ્વસર્જક આનંદ હતો એના કલેવરમહીં વસ્યો.
શિરોભાગે હતા પ્રેમ ને પ્રમોદ મધુરા એ સ્વરૂપના,
પ્રલોભાવંત ફંદાની તેમની જાળની મહીં
ફરીથી પકડાયેલા જે આનંદો
ગૌરવ માણતાં અંગો સામોદ ધારતા હતાં
તે સૌ આનંદ દેતા 'તા પાછું પાડી હૈયું હાંફે ભરાયલું,
અને આવ્યા હતા ભાગી પછવાડે તજાયલી
ઇચ્છાથી જિંદગીતણી.
જે કો દર્શન આંખોની દૃષ્ટિથી છટકી જતું,
જે કોઈ સુખ આવે છે સ્વપ્નમાં કે સમાધિમાં,
કંપતા કરથી પ્રેમે ઢોળ્યું અમૃત હોય જે,
પ્યાલો પ્રકૃતિનો ધારી હર્ષ જે શકતો નથી,
તે એના મુખ-સૌન્દર્યે ગાઢ ગાઢ ભર્યાં હતાં,
વાટ જોતાં હતાં એના હાસ્યના મધની મહીં.
હોરાઓના મૌન દ્વારા સંતાડાયેલ વસ્તુઓ,

જીવંત અધરોએ જે ભાવનાઓ સ્વર મેળવતી નથી,
અનંત સાથનો ભેટો આત્માકેરો અર્થગર્ભ વડે ભર્યો,
એનામાં જન્મ પામ્યાં 'તાં ને બન્યાં 'તાં ભભૂકતાંઃ
ફૂલનો ને તારલાનો રહસ્યમય મર્મર
એના અગાધ આલોકે આવિર્ભૂત કરતો 'તો નિજાર્થને.
ઓઠ બંકિમતા-ધારી હતા એના
ભાવવાહી ઉષાકેરા ગુલાબ શા;
ચિત્તકેરા ચમત્કાર સાથ એનું સ્મિત જે ખેલતું હતું
ને હતું છોડતું જ્યારે મુખ, ત્યારે રહેતું હૃદયે હતું
પ્રભાત-તારકાકેરી દ્યુતિએ દ્યુતિમં એ,
આવિષ્કારે વિશાળા આકાશકેરા રત્નશ્રી રચતું હતું.
એની દૃષ્ટિ હતી માંડી મીટ શાશ્વતતાતણી;
ભાવ એના મીઠડા ને શાંત ઉદ્દેશ્યનો હતો
સવિવેક વાસો પ્રસન્નતાતણો,
ને ખુલ્લો કરતો 'તો એ હોરાઓના પ્રમોદમાં
યુગોકેરા પ્રકાશને,
પ્રજ્ઞાના સૂર્યને ચમત્કારી નિકુંજમાં.
એના માનસની વાદ્યવૃન્દીય બૃહતીમહીં
વિરોધી સઘળી ખોજો જાણતી 'તી સગાઈ ગાઢ તેમની,
સમૃદ્ધહૃદયા તેઓ મળતી 'તી પરસ્પર
ને તેઓ એકબીજાને હતી અદ્ભુત લાગતી,
એમના કોટિ સૂરોની પ્રત્યે આશ્ચર્યભાવ એ
પરસ્પર બતાવતી,
અને હતી રહેતી એ ભાઈભાંડુ સમી એક કુટુંબનાં,
જેમને સર્વસામાન્ય ને નિગૂઢ મળ્યું 'તું ઘર એમનું.
જેમ કોઈ મુદામગ્ન દેવના તંતુવાદ્યથી
ઉદ્ભવે સૂરસંવાદ ઊર્મિગીતે વહેતી સંમુદાતણો,
એકેય દિવ્ય આનંદ ગવાયા વણ ના રહે
તે માટેના પ્રયત્નમાં,
હતું જીવન તેવું એ મૂર્ત્તિમંત પ્રકાશમાં.
લાગતો એ હતો સીમા મુક્ત વ્યોમ-વિશાળતા,
શોકનિર્મુક્ત પૃથ્વીનો તીવ્રભાવી ભાવ એ લાગતો હતો,
વિશ્વવ્યાપી સૂર્યનું એ હતો જવલન લાગતો.

Earth is the chosen place of mightiest souls;
Earth is the heroic spirit's battlefield,
The forge where the Archmason shapes his works.
Thy servitudes on earth are greater, King,
Than all the glorious liberties of heaven....
In me the spirit of immortal love
Stretches its arms out to embrace mankind.
Too far thy heavens for me from suffering men.
Imperfect is the joy not shared by all.
O to spread forth, O to encircle and seize
More hearts till love in us has filled thy world!
O life, the life beneath the wheeling stars!
For victory in the tournament with death,
For bending of the fierce and difficult bow,
For flashing of the splendid sword of God!

Savitri : 686-87

પૃથ્વી અભીષ્ટ છે સ્થાન આત્માઓનું મહત્તમ;
પૃથ્વી છે વીરતાયુક્ત આત્માનું સમરાંગણ,
નિર્માણી જ્યાં મહાશિલ્પી કર્મોને નિજ રૂપ દે.
સ્વર્ગકિરાં પ્રભાવી સૌ સ્વાતંત્ર્યો કરતાંય છે
ભૂ પરે તુજ દાસત્વો, મહારાજ! મહત્તર.

*

મારામાં રાજતો તેહ આત્મા અમર પ્રેમનો
પ્રસારે બાહુ પોતાના લઈ લેવા આશ્લેષે મનુ-જાતને.
અત્યંત દૂર છે તારાં સ્વર્ગો પીડે પડેલા માનવોથકી.
સર્વનો ભાગ ના જેમાં તે આનંદ અપૂર્ણ છે.
અહો પ્રસરવું આગે, ઘેરી લેવાં ગ્રહી અહો
વધારે હૃદયો, પ્રેમ અમારો ના જહીં સુધી
તારું ભુવન દે ભરી!
ઓ હે જીવન! ઘૂમંતા તારાઓની નીચે આવેલ જીવન,
મૃત્યુની સાથની નેજાબાજીમાં તું વિજયપ્રાપ્તિ અર્થ છે,
છે તું ચલાવવા માટે ચમકાવી ઓજસ્વી અસિ ઈશની!

**Heaven's call**

Heaven's call is rare, rarer the heart that heeds;
The doors of light are sealed to common mind
And earth's needs nail to earth the human mass,
Only in an uplifting hour of stress
Men answer to the touch of greater things:
Or, raised by some strong hand to breathe heaven-air,
They slide back to the mud from which they climbed;
In the mud of which they are made, whose law they know
They joy in safe return to a friendly base,
And, though something in them weeps for glory lost
And greatness murdered, they accept their fall.
To be the common man they think the best,
To live as others live is their delight.
For most are built on Nature's early plan
And owe small debt to a superior plane;
The human average is their level pitch,
A thinking animal's material range.

Savitri: 34 : 689

**સ્વર્ગનો સાદ**

વિરલો સ્વર્ગનો સાદ ને એને ગણકારતું
હૈયું વિરલ છે વધુ;
પામર મનને માટે સીલબંધ બારણાં છે પ્રકાશનાં
ને પૃથ્વીની જરૂરોએ કીલબંધ પૃથ્વી સાથ કરેલ છે
માનવોના સમૂહને,
માત્ર ઉદ્ધારતી એક ઘડીકેરા પ્રભાવથી
વધુ મોટી વસ્તુઓના સ્પર્શને માનવો ઉત્તર આપતાઃ
કે કો પ્રબલ હસ્તે એ ઉદ્ધારાઈ શ્વસતા દિવ્ય વાયુમાં
સરકી પડતા પાછા કીચે જ્યાંથી આરોહ્યા ઊર્ધ્વમાં હતા;
જેના પોતે બન્યા છે ને જેહનો ધર્મ જાણતા
તે કીચે મૈત્ર આધારે પોતે હેમખેમ પાછા ફરેલ છે
તેથી આનંદ પામતા,
ને જોકે તેમનામાં છે કૈંક લુપ્ત થયેલા મહિમાર્થ ને
વધુ પામેલ માહાત્મ્ય માટે અશ્રુ નિતારતું,
સ્વીકારી તે છતાં તેઓ લેતા પતન તેમનું.

સામાન્ય જન થાવાનું એ સર્વોત્તમ માનતા,
રહે છે જેમ બીજાઓ તેમ રે'વું એ છે આનંદ એમનો.
કાં કે પ્રકૃતિની છે જે પૃથ્વી ઉપર યોજના
તેને અનુસરી મોટા ભાગના છે ઘડાયલા
ને ન જેવું જ તેઓનું ઋણ છે ઊર્ધ્વ લોકનું;
મનુષ્યોની સરેરાશ સમાવસ્થા જ એમની,
વિચાર કરવાવાળા પ્રાણીકેરું ક્ષેત્ર ભૌતિક એમનું.

**The Boons for Earth and Men**
"Thy peace, O Lord, a boon within to keep
Amid the roar and ruin of wild Time
For the magnificent soul of man on earth.
Thy calm, O Lord, that bears thy hands of joy."

"Thy oneness, Lord, in many approaching hearts,
My sweet infinity of thy numberless souls."

"Thy energy, Lord, to seize on woman and man,
To take all things and creatures in their grief
And gather them into a mother's arms."

"Thy embrace which rends the living knot of pain,
Thy joy, O Lord, in which all creatures breathe,
Thy magic flowing waters of deep love,
Thy sweetness give to me for earth and men."

**પૃથ્વી અને માનવો માટે વરદાન**
છે તારી શાંતિ હે નાથ! વરદાનરૂપ અંતર ધારવા
ઉદ્દામ કાળની ત્રાડ ને વિધ્વંસતણી વચે
ભવ્ય માનવ આત્માને માટે પૃથ્વી તણી પરે.
સમીપે સરતાં ઝાઝાં હૃદયોમાં દે તરી એકતા, પ્રભો!
તારા અસંખ્ય ચૈત્યોની, પ્રભુ!
માગું મારી મીઠી અનંતતા.''
'ઓજ તારું, પ્રભો! માગું લઈ લેવા પકડે નર-નારને,
લઈ લેવા વસ્તુઓ સૌ ને જીવો સૌ એમના દુઃખથી ભર્યાં,
અને એ સર્વને ભેગા કરવાને માતાના બાહુઓ મહીં.''
'વ્યથાની જીવન ગ્રંથિ વિદારંતો પ્રાર્થું આશ્લેષ તાહરો,

**તારો આનંદ હે નાથ! જેમાં સર્વ જીવો ઉચ્છ્વસતા રહે,**
**ઊંડા પ્રેમતણાં પ્રાર્થું પાણી વ્હેતાં ચમત્કારકતા ભર્યાં**
**પૃથ્વીને ને મનુષ્યોને માટે આપ મને તું તુજ માધુરી**

**A mightier race**
Overtopping this mechanical universe.
A mightier race shall inhabit the mortal's world.
On Nature's luminous tops, on the Spirit's ground,
The superman shall reign as king of life,
Make earth almost the mate and peer of heaven,
And lead towards God and truth man's ignorant heart
And lift towards godhead his mortality.
A power released from circumscribing bounds,
Its height pushed up beyond death's hungry reach,
Life's tops shall flame with the Immortal's thoughts,
Light shall invade the darkness of its base.
Then in the process of evolving Time
All shall be drawn into a single plan,
A divine harmony shall be earth's law,
Beauty and joy remould her way to live:
Even the body shall remember God,
Nature shall draw back from mortality
And Spirit's fires shall guide the earth's blind force;
Knowledge shall bring into the aspirant Thought
A high proximity to Truth and God.
The supermind shall claim the world for Light
And thrill with love of God the enamoured heart
And place Light's crown on Nature's lifted head
And found Light's reign on her unshaking base.
A greater truth than earth's shall roof-in earth
And shed its sunlight on the roads of mind;
A power infallible shall lead the thought,
A seeing Puissance govern life and act,
In earthly hearts kindle the Immortal's fire.
A soul shall wake in the Inconscient's house;
The mind shall be God-vision's tabernacle,

The body intuition's instrument,
And life a channel for God's visible power.

Savitri : 707

**જાતિ એક મહાઓજસ્વી**

યંત્રવત્ ચાલતા વિશ્વથકી ક્યાંય બઢી જતી.
જાતિ એક મહૌજસ્વી બની જાશે નિવાસી મર્ત્ય લોકની.
દીપ્ત પ્રકૃતિ-શૃંગોએ, આત્માની ભૂમિકા પરે,
પરમાનુષ પૂરુષ
બની જીવનનો રાજા નિજ રાજ્ય ચલાવશે,
બનાવી પૃથિવી દેશે પ્રાયઃ સ્વર્ગ-સખી, સ્વર્ગસમોવડી,
અજ્ઞાન જન-હૈયાને જશે દોરી પ્રભુ ને સત્યની પ્રતિ,
ને એની મર્ત્યતાને એ દેવરૂપ પ્રત્યે ઊંચે ઉઠાવશે.
પરિબદ્ધ કરી દેતી સીમાઓથી શક્તિ એક વિમોચિતા,
છે ધકેલાયલી જેની ઊંચાઈ ઊર્ધ્વની પ્રતિ
મૃત્યુકેરી ભૂખડી પ્હોંચ પારમાં,
એવી જે જિંદગી તેના શિરોભાગો
જ્વલશે અમૃતાત્માના વિચારોએ,
આક્રાંત જ્યોતિએ થાશે અંધકાર એની આધાર-ભૂમિનો.
પછી ઉત્ક્રાંત થાનારા કાળની પ્રક્રિયામહીં
આકર્ષી સર્વ લેવાશે એકમાત્ર એવી આયોજનામહીં,
દિવ્ય સંવાદિતા ધર્મ પૃથ્વીકેરો બની જશે,
સૌન્દર્ય અથ આનંદ
એની જીવનની રીતિ ઢાળે નવીન ઢાળશેઃ
હશે શરીર સુદ્ધાંમાં સ્મૃતિ દેવાધિદેવની,
મર્ત્યતાથી હઠી પાછી જશે પ્રકૃતિ, અગ્નિઓ
આત્માના દોરશે પૃથ્વીકેરી અંધક શક્તિને;
આણશે જ્ઞાન ઊંચેરી સત્યની ને પ્રભુકેરી સમીપતા
અભીપ્સાને સેવનારા વિચારમાં.
અતિમાનસ વિજ્ઞાન જ્યોતિ માટે વિશ્વને માગશે હકે,
પ્રભુના પ્રેમથી મુગ્ધ હૈયાનો પુલકાવશે,
શિરે પ્રકૃતિના ઊંચા કરાયેલા જ્યોતિનો તાજ મૂકશે,
ને એના અચલાધારે સ્થાપશે રાજ્યો જ્યોતિનું.
પૃથ્વીની પાસ જે સત્ય છે તેનાથી સત્ય એક મહત્તર

પૃથ્વીકિરો બની ચંદરવો જશે
ને એની સૂર્યની જ્યોતિ રેલશે એ મનના મારગો પરે;
શક્તિ એક અવિભ્રાંતા જશે દોરી વિચારને,
દેખતું એક વિક્રાંત ઓજ રાજ્ય ચલાવશે
જિંદગીની અને કર્મતણી પરે,
પાર્થિવ હૃદયોમધ્યે અગ્નિ પેટાવાશે અમૃતરૂપનો.
જાગશે એક ચૈત્યાત્મા અચિત્‌ના ગૃહની મહીં;
પ્રભુ-દર્શનનું પુણ્યધામ મન બની જશે,
ઓજાર બનશે દેહ અંતઃસ્ફુરિત જ્ઞાનનું
ને જીવન બની જાશે ન્હેર દશ્યમાના ઈશ્વર-શક્તિની

**Superman is born**

When superman is born as Nature's king
His presence shall transfigure Matter's world:
He shall light up Truth's fire in Nature's night,
He shall lay upon the earth Truth's greater law;
Man too shall turn towards the Spirit's call.
Awake to his hidden possibility,
Awake to all that slept within his heart
And all that Nature meant when earth was formed
And the Spirit made this ignorant world his home,
He shall aspire to Truth and God and Bliss.
Interpreter of a diviner law
And instrument of a supreme design,
The higher kind shall lean to lift up man.
Man shall desire to climb to his own heights.
The truth above shall wake a nether truth,
Even the dumb earth become a sentient force.
The Spirit's tops and Nature's base shall draw
Near to the secret of their separate truth
And know each other as one deity.
The Spirit shall look out through Matter's gaze
And Matter shall reveal the Spirit's face.
Then man and superman shall be at one
And all the earth become a single life.

Savitri : 709

**અતિમાનસ પુરુષ જન્મ લેશે**

બની પ્રકૃતિનો રાજા જન્મ લેશે અતિમાનસપૂરુષ
ત્યારે સાન્નિધ્યથી એના
પલટાશે નવે રૂપે જડદ્રવ્યતણું જગત્ઃ
અગ્નિ એ સત્યનો દેશે પ્રકટાવી તમિસ્રામાં નિસર્ગની.
લાદશે એ ધરિત્રીની પર ધર્મ સત્યકેરો મહત્તર;
વળશે માનવી સુદ્ધાં આત્માના સાદની પ્રતિ,
જાગ્રત ગુપ્ત પોતામાં રહેલી શક્યતા પ્રતિ,
જે સુષુપ્ત સ્વ-હૈયામાં તે સર્વ પ્રતિ જાગ્રત,
ને રચાઈ ધરા જ્યારે
ને અજ્ઞ જગને જ્યારે અધિવાસ આત્માએ નિજનો કર્યો
ત્યારે પ્રકૃતિનો જે સૌ હતો અર્થ તેહની પ્રતિ જાગ્રત,
અભીપ્સતો રહેશે એ સત્ય માટે,
પ્રભુ ને પરમાનંદ માટે રે'શે અભીપ્સતો,
            વ્યાખ્યાતા જે વધારે દિવ્ય ધર્મનો,
            ને ઓજાર પરમોચ્ચ પ્રયોજને,
તે ઉચ્ચતર કોટીનો આત્મા એક
નમશે ઊર્ધ્વ ઉદ્ધારી લેવા માટે મનુષ્યને.
પોતાની તુંગતાઓની પ્રત્યે આરોહવા માનવ માગશે.
નિમ્નના સત્યને સત્ય ઊર્ધ્વનું અવબોધશે;
મૂક પૃથ્વીય ચૈતન્યવંતી શક્તિ બની જશે.
            આત્માનાં શિખરો અને
પાયો પ્રકૃતિનો ગુપ્ત પૃથક્ નિજ રહસ્યની
            સમીપે કરશે ગતિ
ને પરસ્પરને એક દેવતાને સ્વરૂપે અવબોધશે.
જડદ્રવ્યતણી દૃષ્ટિ દ્વારા આત્મા બહાર અવલોકશે
ને જડદ્રવ્ય આત્માના મુખને કરશે છતું.
એકભાવ પછી થાશે માનવી ને અતિમાનસ-માનવી
ને આખી પૃથિવી જાશે બની એકમાત્ર જીવન જીવતી.

**This earthly life become the life divine**

The frontiers of the Ignorance shall recede,
More and more souls shall enter into light,

Minds lit, inspired, the occult summoner hear
And lives blaze with a sudden inner flame
And hearts grow enamoured of divine delight
And human wills tune to the divine will,
These separate selves the Spirit's oneness feel,
These senses of heavenly sense grow capable,
The flesh and nerves of a strange ethereal joy
And mortal bodies of immortality.
A divine force shall flow through tissue and cell
And take the charge of breath and speech and act
And all the thoughts shall be a glow of suns
And every feeling a celestial thrill.
Often a lustrous inner dawn shall come
Lighting the chambers of the slumbering mind;
A sudden bliss shall run through every limb
And Nature with a mightier Presence fill.
Thus shall the earth open to divinity
And common natures feel the wide uplift,
Illumine common acts with the Spirit's ray
And meet the deity in common things.
Nature shall live to manifest secret God,
The Spirit shall take up the human play,
This earthly life become the life divine."

*

**પૃથ્વીનું જીવન દિવ્ય જીવન બનશે**

વળશે છટકી જાવા મર્ત્ય અજ્ઞાનમાંહ્યથી.
હદો અજ્ઞાનની પાછી હઠી જશે,
સંખ્યામાં વધતા જાતા જીવો જ્યોતે પ્રવેશશે,
ગૂઢ હોતાતણો સાદ સુણવાનાં દીપ્ત પ્રેરિત માનસો,
ઓચિંતી આંતર જ્વાળે જિંદગીઓ ભભૂકશે,
હૃદયો બનશે મુગ્ધ અનુરાગે દિવ્ય આનંદની પરે,
ઇચ્છા સાથે ઈશકેરી માનવેચ્છા તાલ ને મેળ સાધશે,
પૃથગ્-ભાવી સ્વરૂપો આ આત્માની એકતાતણી
પામશે અનુભૂતિઓ,

દિવ્ય સંવેદનાકેરી શક્તિ જાશે બની આ ઈન્દ્રિયોતણી,
માંસમાટી અને નાડીયંત્ર એક દિવ્ય અદ્‌ભુત હર્ષને
લહેવાને શક્તિમાન બની જશે,
ને દેહો મર્ત્ય સામર્થ્ય ધારશે અમૃતત્વનું.
સેન્દ્રિયતત્ત્વની જાળે અને કોશે
દિવ્ય એક શક્તિનો સ્રોત ચાલશે
ને શ્વાસોચ્છ્‌વાસ ને વાણી ને ક્રિયાનો કાર્યભાર ઉપાડશે
ને સર્વ ચિંતનો સૂર્યોનો પ્રકાશ બની જશે,
પ્રત્યેક લાગણી રોમહર્ષ દિવ્ય બની જશે,
વારે વારે વિભાવંતી ઉષા આંતર આવશે
ને સૂતા મનકેરાં એ સદનો અજવાળશે;
ઓચિંતી સંમુદા એક ધાવમાન થશે પ્રત્યેક અંગમાં
અને પ્રકૃતિને દેશે ભરી એક સાન્નિધ્યે શક્તિમત્તર.
આ પ્રકારે થશે ખુલ્લી પૃથિવી દિવ્યતા પ્રતિ
ને સામાન્ય સ્વભાવોયે સુવિશાળું ઊર્ધ્વ ઉત્થાન માણશે.
આત્માના રશ્મિએ કૃત્યો સામાન્ય અજવાળશે
ને ભેટો દેવતાકેરો પામશે એ સામાન્ય વસ્તુઓમહીં.
જગતી જીવશે ગુપ્ત પ્રભુને પ્રકટાવવા,
લઈ સ્વહસ્તમાં લેશે આત્મા લીલા મનુષ્યની,
જીવન પૃથિવીનું આ બનશે દિવ્ય જીવન.''

*

"Lay all on her; she is the cause of all....
If this is she of whom the world has heard,
Wonder no more at any happy change.
Each easy miracle of felicity
Of her transmuting heart the alchemy is."

*

"Awakened to the meaning of my heart
That to feel love and oneness is to live
And this the magic of our golden change,
Is all the truth I know or seek, O sage."

Savitri: 722-24

‘‘બધોયે દોષ આને દો, આ છે કારણ સર્વનું.
એણે ઝાલી મને લીધો છે એની જાદુ-જાળમાં.
જુઓ, બપોર વેળાએ છોડીને આ માટીકેરા નિવાસને
રઝળ્યો હું દૂર દૂરકેરી શાશ્વતીઓ મહીં
ને છતાં હું બની બંદિ આના કનકના કરે
લીલી પૃથ્વીતણે નામે ઓળખાતા તમારા ક્ષુદ્ર ટેકરે
પગલાં છું ભરી રહ્યો,
ને અનિત્ય તમારા આ સૂર્યકિરી ક્ષણોમહીં
ઉદ્યોગી માનવીઓનાં કર્મમધ્યે આ જીવું સુખથી ભર્યો.’’
પછી તો સઘળી આંખો આશ્ચર્યે ભર દૃષ્ટિએ
વળી ઉદાત્ત જ્યાં ઊભી હતી બાળા મનોજ્ઞ ત્યાંઃ
ગાલે એને હતું સોનું થતું સાન્દ્ર વધારે રક્તિમા ધરી,
ઢળેલાં પોપચાં હતાં,
અને સંમતિ દેનારો જાગ્યો એક વિચાર સર્વને ઉરેઃ
‘‘સંધ્યાની શ્યામિકામહીં
દીપ્તિની આંકતી રેખા, માનુષી સત્યવાનને
પડખે કોણ ઊભી છે પેલી નીરવતા ધરી
ધરા કે સ્વર્ગધામોની જ્યોતિ આશ્ચર્યથી ભરી?
લોકોએ સાંભળેલું છે જેને અંગે તે જ તે યદિ હોય તો
શુભ કો પલટે કોઈ જરાયે ના તાજુબી બતલાવતા.
મહાસુખભર્યો જે જે સ્હેલાઈથી ચમત્કાર થયેલ છે
તે રૂપાંતરતા દેતા એના હૈયાતણી જ રસસિદ્ધિ છે.’’

*

‘‘મારા હૈયાતણા હાર્દ પ્રતિ જાગૃતિ પામતાં
જણાયું કે પ્રેમની ને એકતાની અનુભૂતિ જ જિંદગી,
ને આપણા સુનેરી આ પરિવર્તનની મહીં
છે આ જાદૂ પ્રવર્તતો,
સત્ય સમસ્ત છે આ જ, મુનિદેવ!
જાણું જે હું અને જેને પામવાને માટે પ્રયાસ હું કરું.’’

(સંપૂર્ણ)

# વૃત્ત વિશેષ

## નવાં પ્રકાશનો

૧) **THOUGHT FOR THE DAY : BY : DAMINI JARIWALA :** ૧/૮ ડેમી. ૮૮ પૃષ્ઠોમાં શ્રી દામિની બહેન જરીવાલા સમક્ષ પ્રકટ થયેલા દૈનિક વિચારો, કુલ ૩૨૦ વિચારોનું સંકલન ઊંચી ગુણવત્તા વાળા કાગળ ઉપર સુંદર છાપકામ. રંગબેરંગી મુખ પૃષ્ઠ અને સુઘડ બાંધણી સહિત આ પુસ્તકમાં રજૂ થયું છે. આશા રાખવામાં આવે છે કે પુસ્તક સાધકોને એમની અંગત સાધનામાં સહાયરૂપ થશે. વધુ વિગતો માટે સંપર્ક : મો. : ૯૮૧૯૯૧૭૫૭૩.

*

૨) **સ્વાતંત્ર્ય સંગ્રામના પથસર્જક શ્રી અરવિન્દ :** લે. જ્યોતિ થાનકી, પ્રકાશક : પ્રકાશભાઈ શાહ, ૨૨, સ્વીટ હોમ સોસાયટી, શ્રેયસ ટેકરો, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ૧/૮ ડેમી. પૃષ્ઠ સંખ્યા ૮૦. સારી ગુણવત્તા વાળા કાગળ ઉપર શ્રેષ્ઠ છાપકામ. મુખપૃષ્ઠ ઉપર શ્રી અરવિન્દે વડોદરા છોડ્યું તે સમયે લેવાયેલી એમની સૌમ્ય મુખાકૃતિ સહિતની છબી. સુઘડ બાંધણી. મૂલ્ય : સહયોગ રાશિ : રૂા. ૧૦/- શ્રી અરવિન્દની તથા સ્વાતંત્ર્ય સંગ્રામને લગતી ઘણી છબીઓ પણ પુસ્તિકામાં રજૂ થયેલી છે. વિષયને લગતાં અધિકૃત લખાણો - જે પ્રકાશિત થયાં છે - માંથી તારવીને પોતાની આગવી શૈલીમાં શ્રી જ્યોતિ બહેને સુંદર લખાણ તૈયાર કર્યું છે. વાંચવાલાયક પુસ્તક. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશક તેમ જ શ્રી જ્યોતિબહેનનો સંપર્ક કરો.

*

૩) **શ્રી માતૃવાણી ગ્રંથ–૯ : પ્રશ્નો અને ઉત્તરો (૧૯૫૭ – ૫૮)** પ્રકાશક : શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦ ૦૦૧. આ પુનઃ મુદ્રણ છે. સારા મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ. સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૩૦૦=૦૦. પ્રાપ્તિસ્થાન : શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦ ૦૦૧. ફોન : ૨૪૧૮૯૭૮ (૦૨૬૫) શબ્દ, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી - ૬૦૫ ૦૦૨. પ્રથમ આવૃત્તિ જીર્ણ થઈ હોવાથી આ પુનઃ મુદ્રણ વાચકોને આશીર્વાદરૂપ પુરવાર થશે. સુંદર કાર્ય થયું છે.

*

**સાભાર સ્વીકાર : (૧) સપ્તપદી. આસ્વાદ અને અવબોધ :** લે. ચંદ્રકાન્ત શેઠ, પ્રકાશક : આદર્શ પ્રકાશન, 'સાસ્વતસદન', ૭૬૦, ગાંધીમાર્ગ, બાલાહનુમાન સામે,

અમદાવાદ ૩૮૦ ૦૦૧. શ્રી ઉમાશંકર જોશીના યશસ્વી કાવ્યગ્રંથનો આસ્વાદ શ્રી ચંદ્રકાન્ત શેઠે ગ્રંથ પરિચય શ્રેણી અંતર્ગત કરાવ્યો છે. 'પ્રજ્ઞામય કવિતાની પ્રસાદી' આસ્વાદ્ય છે. પુસ્તકપ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

*

**(૨) માણ્યું એની મજા :** ચંદ્રકાન્ત શેઠ, રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ફોન : ૨૨૧૧૦૦૮૧ (૦૭૯) ૧/૮ ડેમી. પૃષ્ઠ સંખ્યા ૩૧૮. મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ, રંગ બે રંગી આવરણ સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૪૮૦.૦૦. કવિ શ્રી ચંદ્રકાન્ત શેઠે પ્રસ્તુત ગ્રંથમાં કવિ શ્રી સુરેશ દલાલ અને હરેન્દ્ર દવેથી માંડી એમના સમકાલીન તેમ જ અનુકાલીન પેઢીના ૮૯ કવિઓની કૃતિઓનો આસ્વાદ તથા કવિઓનો ટૂંક પરિચય પણ વાચકોને કરાવ્યો છે. કવિતારસિકો માટે મહત્ત્વનો ગ્રંથ. પુસ્તકપ્રાપ્તિ માટે રન્નાદે પ્રકાશનનો સંપર્ક કરી શકાય.

**(૩) કાવ્યમંજૂષા :** રચયિતા : શ્રી સુંદરલાલ પંડયા, 'ચેતન', સંકલનકર્તા અને પ્રકાશન : શ્રી સુંદરલાલ પંડયાનાં બાળકો સંપર્ક : શ્રી જાગૃતિ પંડયા મો. ૭૫૭૩૦૧૧૭૭૯ અને શ્રીમતી સંગીતા દેસાઈ : મો. ૭૫૭૪૮૨૧૮૨૫. સંકલનકર્તાઓના પૂજ્ય પિતાજીએ રચેલાં કાવ્યોનો સંચય આ સંગ્રહ દ્વારા પ્રકાશમાં લાવી બાળકોએ પિતાશ્રીને અક્ષરાંજલિ અર્પણ કરી છે. પસંદગીનાં કુલ ૮૩ કવ્યોનો સંગ્રહ સારા કાગળ ઉપર સ્વચ્છ મુદ્રણ અને સુઘડ બાંધણી સહિત રજૂ થયો છે. પુસ્તકમાં કવિશ્રી અને એમનાં ધર્મપત્નીની મનોરમ્ય છબીઓ પણ સમાવાયેલી છે. પુસ્તકના પૃષ્ઠ નં. ૨૫ ઉપર ૨૪મું કાવ્ય : 'જીવન-સત્ત્વ'માં કવિ શ્રી લખે છે :

દ્વન્દ્વ ઐક્યભાવે,
રસ-લ્હાવ માણે,
જીવને જાગૃતિ જામવા, ઉર્વી પુરુષાર્થથી પોષતાં;
અહા ! વિશ્વે 'ચેતન' પથરાઈ રહ્યું છે દિગંતમાં.

શ્રી જાગૃતિ પંડયા શ્રી અરવિન્દ પરિવારમાં નિષ્ઠાવાન સાધિકા તરીકે જાણીતાં છે. શ્રી અરવિન્દ કેન્દ્ર, ૬૩ યશકમલ સોસાયટી, અમદાવાદ સાથે તેઓ સક્રિય રીતે સંકળાયેલાં છે.

જ્યારે જ્યારે કોઈ કવિકર્મનો સ્પર્શ પ્રાપ્ત થાય છે ત્યારે ત્યારે શ્રી અરવિન્દનું કથન : 'First and foremost I am poet.' અચૂક યાદ આવી જાય છે.

*

એકાએક પરદો હઠી ગયો, ક્ષિતિજ પ્રગટ થઈ અને એ સ્પષ્ટ પ્રકાશમાં મારી આખી ચેતના, કૃતજ્ઞતાથી છલકાઈને તારાં ચરણોમાં ઢળી પડી. આવો ગહન અને સભર આનંદ ઊભરાઈ રહ્યો હતો છતાં ક્યાંય ક્ષોભ ન હતો. સર્વત્ર શાશ્વતીની શાંતિ વ્યાપેલી હતી.

હવે જાણે મારામાં કોઈ મર્યાદાઓ રહી નથી. દેહભાવ ચાલ્યો ગયો છે. ઇંદ્રિયોનાં સંવેદનો, લાગણીઓ, વિચારો એમાંનું કશું રહ્યું નથી. એક નિર્મળ, વિશુદ્ધ, પ્રશાંત વિરાટ વિશાળતા જ માત્ર વ્યાપી રહી છે. પ્રેમ અને પ્રકાશથી એ તરબોળ બનેલી છે. એક શબ્દાતીત આનંદ એમાં છલકાઈ રહ્યો છે. હવે તો જાણે કે આ જ મારું સ્વરૂપ છે. અને આ 'હું' તે મારા પૂર્વ કાળના સંકુચિત, સ્વમગ્ન 'હું'થી એટલું તો જુદું છે કે એ તે 'હું' છું કે 'તું'તે કહેવું મુશ્કેલ છે, મારા પ્રભુ ! અમારા ભાગ્યવિધાતા !

જાણે કે સર્વ પદાર્થો, શક્તિ, ધૈર્ય, બલ, તપસ, અનંત માધુર્ય, અતુલિત કરુણાસ્વરૂપ બની ગયા છે. ...

પ્રભુ મારી પ્રાર્થનાનો જવાબ તેં આપ્યો છે. મેં તારી પાસેથી માગ્યું તે તેં મને આપ્યું છે. 'હું' અદૃશ્ય થઈ ગયું છે. હવે તો તારી સેવામાં સમર્પિત થયેલું એક નમ્ર કરણ જ માત્ર હસ્તીમાં છે. તારી અનંત અને શાશ્વત જ્યોતિને એકાગ્ર બનવા માટેનું, પ્રગટ થવા માટેનું એ એક કેન્દ્ર જ બની રહ્યું છે. મારું જીવન તેં અપનાવી લીધું છે, તેને તારું બનાવી દીધું છે. મારી ઇચ્છાશક્તિને તેં લઈ લીધી છે અને તારી ઇચ્છાશક્તિ સાથે તેને જોડી દીધી છે. તેં મારો પ્રેમ લીધો છે અને તારા પ્રેમ સાથે તેને એકરૂપ કરી દીધો છે. તેં મારા ચિત્તને લઈ લીધું છે અને તેને સ્થાને તારી પરમ ચેતનાને સ્થાપી આપી છે.

અદ્‌ભુત રસથી ઊભરાતું મારું શરીર તારી ચરણધૂલિમાં પોતાનું મસ્તક મૂક અને નમ્ર ભાવે ઢાળી રહ્યું છે.

તારા સિવાય હવે બીજું કશું હસ્તીમાં નથી રહ્યું. તારી અક્ષય શાંતિની જ્યોતિ ઝળાહળ ઝળહળી રહી છે.

શ્રી માતાજી

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ પૃ. ૧૪૫-૧૪૬)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૮ : અંક ૦૬)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.